# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૧૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૧૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 113 • Dt. 29-11-2024 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

29 NOVEMBER- 2024 FRIDAY




P.07 મારી લોકપ્રિયતા પચવામાં ન આવી, સંબંધ તૂટ્યા બાદ અનન્યા પાંડેએ ખુલાસો



P.07 બોલિવુડની જાણીતી અભિનેત્રી ઐશ્વર્યા ના નામમાંથી 'બચ્ચન' અટક ગાયબ હતી



07 ઈન્ટરપોલની મદદ દ્વારા લશ્કર-એ-તૈયબાના આતંકવાદીને ભારત દેશમાં લાવવામાં આવ્યો



07 હેમંત સોરેન શપથ સમારોહ: હેમંત સોરેન ચોથી વખત ઝારખંડના મુખ્યમંત્રી બન્યા

### ગુજરાતમાં શેલ કંપની કોના ફાયદા માટે ફૂલીફાલી રહી છે ?

# છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૮,૬૮૪ કંપનીઓને નકલી જાહેર કરવામાં આવી

**કાગળ પર કોઈપણ પ્રકારનો ધંધો ન કરતી નકલી કંપનીઓ સામે સરકારી તંત્ર દ્વારા સમયાંતરે કાર્યવાહી કરવામાં આવી રહી છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૮ ।

છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૮,૬૮૪ કંપનીઓને નકલી જાહેર કરવામાં આવી છે, જે રદ કરવામાં આવી છે. કાગળ પર કોઈપણ પ્રકારનો ધંધો ન કરતી નકલી કંપનીઓ સામે સરકારી તંત્ર દ્વારા સમયાંતરે કાર્યવાહી કરવામાં આવી રહી છે. બીજી તરફ એવા સવાલો પણ ઉઠી રહ્યા છે કે ગુજરાતમાં શેલ કંપની કોના ફાયદા માટે ફૂલીફાલી રહી છે, તેના માટે જવાબદાર કોણ, ગુજરાતમાં છેતરપિંડી વચ્ચે શેલ કંપનીઓ પણ પડી ભાંગી છે. ગુજરાતમાં ૨૦૧૯-૨૦માં ૧૭૪૦, ૨૦૨૦-૨૧માં ૨૫૨, ૨૦૨૧-૨૨માં ૩,૪૦૧, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં ૨,૬૨૬.૫ વર્ષમાં કેટલી નકલી કંપનીઓ સામે પગલાં



લેવાયા છે તેમાં મહારાષ્ટ્ર ૩૬.૮૫૬,દિલ્હી ૩૫,૬૩૭. ઉત્તર પ્રદેશ,૨૨.૬૪૪ કર્ણાટક ૧૯, ૨૪૨, તમિલનાડુ ૧૬.૧૪૩,તેલંગાણા ૧૩,૭૬૪, હરિયાણા ૯,૦૪૭,રાજસ્થાન ૮.૯૯૮,ગુજરાત ૮.૬૮૪,કેરળ ૯.૭૬૩,બિહાર ૬.૮૮૭,આંધ્ર પ્રદેશ ૫,૦૯૧ છે કુલ ૮,૬૮૪ કંપનીઓને શેલ કંપનીઓ જાહેર કરવામાં આવી છે અને પાંચ વર્ષમાં તેને રદ કરવામાં આવી છે.

આજે ગુજરાતીઓ જીએસટીમાં કરોડોની ચોરી, નકલી નોટો વગેરે જેવા ગુનાઓનો શિકાર બની રહ્યા છે.યુનિયન કોર્પોરેટ મિનિસ્ટ્રી અનુસાર, કંપની રજિસ્ટ્રાર દ્વારા એવા કિસ્સામાં પગલાં લેવામાં આવે છે જ્યાં કંપનીઓ કોઈ ભૂલ કરે છે, જેમ કે એક વર્ષમાં કોઈ બિઝનેસ શરૂ ન કરવો, કોઈ ઓપરેશન ન કરવું. અને વિવિધ કેસોમાં કાર્યવાહી કરવામાં આવે છે જેમાં આવી કંપની બંધ કરવા માટે કોઈ અરજી કરવામાં આવી નથી. દેશમાં નકલી કંપનીઓના મામલે મહારાષ્ટ્ર, દિલ્હી અને ઉત્તર પ્રદેશ ટોચ પર છે, જ્યારે નકલી કે શેલ કંપનીઓની સંખ્યાના મામલે ગુજરાત દેશમાં નવમા સ્થાને છે. ગુજરાતના ૫ ડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૬,૮૫૬ કંપનીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.
















લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## ૨૮૫ ના આચાર્ય સંજય પટેલને રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા

# આ વર્ષે બિનઅધિકૃત રીતે વિદેશ ગયા હોય એવા ૬૦ શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા છે : શિક્ષણ રાજ્ય મંત્રી

### આચાર્ય સંજય પટેલ શિક્ષક તરીકેની ફરજ દરમિયાન શિક્ષણ વિભાગને જાણ કર્યા વગર બિનઅધિકૃત રીતે વેપાર અર્થે ૩૩ વખત દુબઈ પ્રવાસે ગયા હતા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૮ ।

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત અમરોલીની સ્નેહરશ્મિ શાળા ક્રમાંકઃ ૨૮૫ ના આચાર્ય સંજય પટેલને રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી સસ્પ ેન્ડ કરવામાં આવ્યા છે. આચાર્ય સંજય પટેલ શિક્ષક તરીકેની ફરજ દરમિયાન શિક્ષણ વિભાગને જાણ કર્યા વગર બિનઅધિકૃત રીતે વેપ ાર અર્થે ૩૩ વખત દુબઈ પ્રવાસે ગયા હતા. રાજ્ય સરકારે આચાર્ય સંજય પટેલ વિરુદ્ધ લીધેલા ત્વરિત પગલા સંદર્ભે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, આજે સુરત તેમજ અન્ય જિલ્લાના શિક્ષકો ૩ મહિના કે ૬ મહિનાથી વધુમાં વધુ રજા પર રહી વિદેશમાં કે અન્ય જગ્યાએ બિઝનેસ અથવા નોકરી કરી રહ્યા હોય



એવા બે શિક્ષકો છે. અમરોલીની શાળાના આચાર્ય સંજય પટેલ પ ોતાની ફરજની સાથે દુબઈમાં વ્યાપાર કરતા હોઈ, આ શિક્ષકને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની સૂચના આપી છે. આચાર્ય સંજય પટેલ યુએઈના રેસિડન્સ વિઝા ધરાવે છે અને દુબઈમાં બિઝનેસ કરતો હોવાથી અવારનવાર માંદગીના બહાને કે અન્ય સત્તાનો દુરુપ યોગ કરી દુબઈ પ્રવાસ કરે છે.રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયએ કહ્યું કે, રાજ્યના લાખો શિક્ષકો કર્તવ્યનિષ્ઠાથી પ ોતાની ફરજ નિભાવી રહ્યા છે, ત્યારે આખા સુરતમાં બિનઅધિકૃત રજા પર હોય એવા માત્ર ૨ શિક્ષકોની વિગતો મળી છે.પોતાને મળેલ છૂટનો દુરુપયોગ કરી કાયદાની છટકબારી કરનાર આ શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવા શિક્ષણ વિભાગ પ્રતિબદ્ધ છે. સરકારી ફરજ સાથે વ્યાપાર કે અન્ય ધંધાકીય પ્રવૃત્તિ કરવી એ બાળકોના ભાવિ સાથે ગંભીર ચેડા છે. જે બાળકોના શિક્ષણ અને ભવિષ્ય પર માઠી અસર કરે છે. પોતાના સ્વાર્થ માટે બાળકોના ભવિષ્ય પર છેડા કરનારા શિક્ષકોને માફ નહિ કરી શકાય. આ શિક્ષકો પર શિક્ષાત્મક પગલાં લેવાની અને રજા પગાર મેળવ્યો હોય તો એ પણ પરત લેવાની સૂચના આપી હોવાનું તેમણે ઉમેર્યું હતું.બેદરકારી દાખવી બાળકોના ભાવિ સાથે ચેડા કરતા શિક્ષકોની મનમાની સામે રાજ્ય સરકાર ગંભીર હોવાનું જણાવી શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ચાલુ વર્ષ દરમિયાન આવા શિક્ષકોને શોધી કાઢવાના અભિયાનમાં બિનઅધિકૃત રીતે વિદેશ ગયા હોય ૬૦ જેટલા શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા છે. ગેરહાજર રહેનારા એક પણ શિક્ષકને સરકાર પગાર નથી ચૂકવતી, ત્યારે હકનો દુરૂપયોગ અટકે તે માટેની છટકબારીમાં શું સુધારો થઈ શકે તે માટે સરકાર એક્શન મોડમાં છે એમ જણાવી રાજ્ય સરકાર શિક્ષણમાં કોઈપણ ગેરરીતિ કે લાલિયાવાડી ચલાવવામાં માંગતી નથી. રાજ્યના કોઈ પણ જિલ્લામાં જે શિક્ષક બિનઅધિકૃત કે વિદેશ ગયા હોય તમામ પ્રકારની માહિતી જિલ્લા શિક્ષણાધિકારીઓ પાસેથી મંગાવી છે.

## આડેસર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબના અભાવે કેન્દ્રની બહાર ગર્ભપાત થયો

। પ્રતિનિધિ, ભુજ,તા.૨૮ ।

કચ્છ જિલ્લાના રાપર તાલુકાના આડેસર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબના અભાવે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બહાર રાત્રીના સમયે ગર્ભપાત થયો હતો, જેમાં મૃ ત બાળકનો જન્મ થયો હતો. રાપર તાલુકાના આડેસર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઘણા સમયથી કાયમી તબીબ નથી. બાજુના ગામ ભીમાસરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ તબીબ ડો.દર્શનાબેન શ્રીમાળી છેલ્લા છ માસથી આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આવે છે. પ રંતુ ભારે વરસાદ અને પૂર દરમિયાન તે સતત ગુમ રહે છે.આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કાયમી તબીબની ગેરહાજરીના કારણે ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે મીડિયામાં ઘણી પ્રતિક્રિયાઓ આવી હતી, પરંતુ કોઈ પ ગલાં ન લેતા ડૉક્ટરના ભોગે ગર્ભપાત થઈ ગયો છે.એક તરફ રાપર તાલુકો વિકાસશીલ તાલુકામાં સમાવિષ્ટ છે અને અહીં આરોગ્યની સુવિધાઓને લઈને ઘણી ચર્ચાઓ થઈ રહી છે.

## પાલડીના રામજી મંદિરમાં ગાદી વિવાદ, રાજસ્થાનના સંતને પ્રવેશબંધી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૮ ।

અમદાવાદ શહેરના પાલડી સ્થિત ઉત્તમ રામાનંદ સંપ્રદાયના રામજીમાં આવેલી રામાનંદચાર્ય પ ીઠની ગાદીનું સત્ય સામે આવ્યું છે. આ મંદિરના ગાદીપતિના અવસાન પછી એક રાજન રામાનંદી ગાદી પર રાજ કરી રહ્યા છે, જોકે સંતને આશ્રમમાં પ્રવેશવા પર પ્રતિબંધ છે અને તેમના બેનર શાંતાના દ્વાર સહિત અન્ય ઘણી સમસ્યાઓ છે. તેમજ મંદિરની અંદર અને બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.પાલડીના રામાનંદ સંપ્રદાયના આ રામજી મંદિર, આશ્રમ અને રામનાચાર્ય પીઠની સ્થાપના ૧૯૬૦માં જગતગુરુ રામાનંદાચાર્યજી દ્વારા કરવામાં આવી હતી. બ્રહ્મસંધ્યા ૨૯મી વિભાગના રોજ વિશ્રામક શેષમઠમાં લોક સર્વેશ્વરાચાર્યના પદ પર પટ્ટાભિષેક સાથે તેમને પાલડી મંદિર ગાદીપતિ જાહેર કરવામાં આવશે.

## સુરતમાં કિન્નરની કરપીણ હત્યા! કંટાળેલા પ્રેમીએ ખેલ્યો લોહિયાળ ખેલ

। પ્રતિનિધિ, સુરત, તા.૨૮ ।

શહેરમાં એક બાજુ પોલીસ દ્વારા કાયદો વ્યવસ્થા જાળવવા માટે અનેક પ્રયાસો કરી રહી છે, ગુનેગારો, અસામાજિક તત્વો પર લગામ લગાવવા કાર્યવાહી કરી પાસામાં ધકેલી રહી છે. બીજી બાજુ અસામાજિક તત્વો બેફામ બની રહ્યા હોય તેવું શહેરમાં એક પછી એક બની રહેલા હત્યાના બનાવોને જોઈને લાગી રહ્યું છે. ત્યારે વધુ એક હત્યાનો બનાવ ઉમરવાડા વિસ્તારમાં બન્યો હતો. જેમાં બુધવારે સવારે એક કિન્નરની તેના પ્રેમીએ ચપ્પુના અનેક ઘા ઝીંકી હત્યા કરતા ચકચાર મચી ગઈ હતી. હત્યાના પગલે સલાબતપુરા પોલીસ દોડતી થઈ ગઈ હતી અને ઘટના માં પોલીસે ગણતરીના સમયમાં જ હત્યારા પ્રેમીને ઝડપી પાડ્યો હતો. પ્રેમી મૃતક કીન્નને છોડવા માંગતો હતો પરંતુ સ્કીનર છેલ્લા ત્રણ દિવસથી તેના ઘરે રહેતી હતી અને તેને પોતાના ઘરે લઈ જવા માટે દબાણ પણ કરતી હતી જેથી આવેશમાં આવી જઈ પ્રેમીએ કિનનરની કરપીણ હત્યા કરી નાખી હતી. શહેરના સલાબતપુરાના ઉંમરવાડામાં રહેતા કિન્નર સંજના કુવરની તેના પ્રેમી કિશન કુમાર જેઠવા એ ચપ્પુના અનેક ઘા ઝીંકી ક્રુરતાથી હત્યા કરી હતી હત્યાના કારણે સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. હત્યાના બનાવ અંગેની જાણ સલાબતપુરા પોલીસને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો.

## રાજકોટમાં બોગસ બિલિંગ કૌભાંડ

# સરકારને ૬૧ લાખનો ચૂનો લગાવ્યો, ૧૫ પેઢી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૨૮ ।

રાજકોટ સેન્ટ્રલ જીએસટીમાં એક ડઝન નકલી પેઢીઓ દ્વારા રૂ.૬૧.૩૮ લાખનું કૌભાંડ નોંધાયું હતું.આ અંગે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે આજે સવારથી ઈઓડબ્લ્યુ ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજીની ટીમોએ રાજ્યભરમાં દરોડા પાડીને કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી.વીસ દિવસ પહેલા ક્રાઈમ બ્રાન્ચને આ સમગ્ર કૌભાંડની માહિતી મળી હતી. જેના આધારે ઈઓડબ્લ્યુએ તપાસ શરૂ કરી હતી. તપાસના અંતે સેન્ટ્રલ જીએસટી ઓફિસર જયપ્રકાશ સિંઘે આજે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે નકલી દસ્તાવેજો બનાવી તેનો અસલ તરીકે ઉપયોગ કરવો, છેતરપિંડી અને ગુનાહિત કાવતરું રચવા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.ફરિયાદમાં જણાવાયું છે કે જૂન-૨૦૦૩થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે એક વ્યક્તિ પરમાર એન્ટરપ્રાઈઝના નામે બનાવટી ભાડા કરાર કરીને રેસકોર્સ રિંગ રોડ સ્થિત સેન્ટ્રલ જીએસટી ઓફિસમાં જમા કરાવ્યો હતો અને જીએસટી નંબર મેળવ્યો હતો.આ પછી, તેણે અન્ય ૧૪ કંપનીઓના સંચાલકો સાથે ગુનાહિત ષડયંત્ર રચ્યું, બનાવટી બિલિંગ કર્યું, બનાવટી દસ્તાવેજો અને ખોટી રજૂઆતના આધારે રૂ. ૬૧.૩૮ લાખની નકલી ઈનપ ુટ ટેક્સ ક્રેડિટ મેળવી, જેનાથી સરકારને નુકસાન થયું.જેમાં અમન નશીરભાઈ કારાણી, અમન રફીકભાઈ બિનહરિશ, સૈયદ ઉર્ફે કનુ મજીદભાઈ સારી, વિશાલ પ્રવિણભાઈ પરમાર અને પાર્થ સતીષભાઈ પરમારનો સમાવેશ થાય છે.તેણે અમને બીજો લીઝ કરાર આપ્યો હતો. જ્યારે સૈયદ ઉર્ફે કાલુએ ધનભાના કહેવાથી ભાડાની ડીડ કરી હતી. પાર્થના આગ્રહ પર, વિશાલે મૂળ માલિક સાથે ભાડા કરાર કર્યો. આ કૌભાંડમાં આર્થિક લાભ લેનાર પેઢીઓના સંચાલકોની ધરપ કડ કરવામાં આવશે. રાજકોટ સેન્ટ્રલ જીએસટીમાં એક ડઝન નકલી પેઢીઓ દ્વારા રૂ.૬૧.૩૮ લાખનું કૌભાંડ નોંધાયું હતું.આ અંગે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાઈ છે.

## આણંદ તારાપુર ધર્મજ હાઈવે પર અકસ્માત થતાં ત્રણ લોકોના મોત નિપજયા

। પ્રતિનિધિ, આણંદ,તા.૨૮ ।

રાજ્યમાં અકસ્માતોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે, ત્યારે આણંદ તારાપુર ધર્મજ હાઈવે પર એક ગોઝારો અકસ્માત થયો છે. વડદલા ગામનાં પાટીયા પાસે ટ્રક અને લકઝરી બસ વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે, જ્યારે અકસ્માતમાં ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. આ ઘટનામાં મળેલી પ્રાથમિક માહિતી અનુસાર રાજકોટથી સુરત જઈ રહેલા ૩ મુસાફરોના મોત થયા છે.આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, આણંદના તારાપુર ધર્મજ હાઈવે પર ટ્રક અને લકઝરી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો છે. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત નિપજ્યા છે. વડદલા ગામનાં પ ાટીયા પાસે ટ્રક અને લકઝરી બસ જઈ રહ્યા હતા, જ્યાં ઓવરટેક કરવા જતાં ગોઝારો અક્સ્માત સર્જાયો છે. જેમાં રાજકોટથી સુરત જઈ રહેલા રાજકોટના ત્રણ મુસાફરોના મોત નિપજ્યા છે, જ્યારે ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

## યુવતીના મંગેતરે પ્રેમીની હત્યા કરી દેતા પ્રેમિકાએ પણ ગળાફાંસો ખાધો

। પ્રતિનિધિ, ભાવનગર,તા.૨૮ ।

પ્રેમસંબંધે બે જીવ લીધા હતા. બોટાદમાં એક પ્રેમ સબંધના કારણે યુવક અને યુવતીએ જીવ ખોવાની વારી આવી હતી. ત્યારે આ ઘટનાને લઈ પ ોલીસે વધુ તપાસ હાથ ધરી છે.બોટાદમાં પ્રેમીની હત્યા બાદ પ્રેમિકાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેમાં આરતી કાવેઠીયાએ પ્રેમીની હત્યાના પ ાંચ દિવસ બાદ પાતાના ઘરે આપઘાત કર્યો. ગત ૨૨ નવેમ્બરે ઢાકણીયા રોડ પર બીજલ ઉર્ફે હિતેશ મહેરીયાની પ્રેમીકાના મંગેતર રોહિત ભોજૈયાએ હત્યા કરી હતી. થોડા દિવસ અગાઉ આરોપી રોહિત ભોજૈયાની બોટાદના આરતીબેન કાવેઠીયા સાથે સગાઇ થઇ હતી.મળતી માહિતી મુજબ મૃ તક બીજલ ઉર્ફે હિતેશને આરતીબેન કાવેઠીયા સાથે પ્રેમ સંબંધ હતો. જે બાદ યુવતીના લગ્ન અન્ય યુવક સાથે નક્કી કરવામા આવ્યા હતા. જે બાદ સગપણ કરાયેલ યુવકે પ્રેમી યુવકની ૨૨ નવેમ્બરે હત્યા કરી હતી.



એક્ઝિક્યુટિવ કાઉન્સિલની એક બેઠક યોજાઈ હતી

# અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાં એનિમેશન વિભાગના ભૂતપૂર્વ વડાની હકાલપટ્ટી થશે

## સર્વાનુમતે પૂર્વ વડા અને એસોસિએટ પ્રોફેસર મલજીત લખતરિયાને બરતરફ કરવાનો નિર્ણય લેવાયો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૮ ।

ગુજરાત યુનિવર્સિટીમાં એનિમેશન વિભાગના ભૂતપૂર્વ વડા (સંયોજક) સામે નાણાકીય હિસાબો રજૂ ન કરવા અને નાણાકીય ગેરરીતિની ફરિયાદો બાદ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવેલી ન્યાયિક તપાસમાં આખરે ઉચાપત સાબિત થઈ છે.



એક્ઝિક્યુટિવ કાઉન્સિલની એક બેઠક યોજાઈ હતી જેમાં સર્વાનુમતે પૂર્વ વડા અને એસોસિએટ પ્રોફેસર કમલજીત લખતરિયાને બરતરફ કરવાનો નિર્ણય લેવાયો હતો, જો કે આ પહેલા કાયદાકીય પ્રક્રિયા મુજબ તેમને કારણ બતાવો નોટિસ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારપછી તેઓ બરતરફ થશે. જવાબ આપવા માટે કહેવામાં આવશે, કાયમી બરતરફી માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ન્યાયિક તપાસમાં કાઉન્સિલની બેઠકમાંથી નાણાં વસૂલવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો, જે ઉચાપત હોવાનું સાબિત થયું હતું.ગયા વર્ષે જૂન ૨૦૨૩માં ગુજરાત યુનિવર્સિટીમાં નવા કુલપતિની નિમણૂક થયા બાદ, તેમણે એનિમેશન વિભાગ સહિત વિવિધ વિભાગોમાં ચાલતા કન્સલ્ટન્સી આધારિત અભ્યાસક્રમોમાં જ્ઞાન મેળવ્યું છે.તત્કાલિન સંયોજક પાસે હિસાબોની વિગતો માંગવામાં આવી હતી. કમલજીત અગાઉના કુલપતિના કાર્યકાળ દરમિયાન કોમ્પ્યુટર સાયન્સ વિભાગના એસોસિયેટ પ્રોફેસર હતા.

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ખેલો ઈન્ડિયા સેન્ટર શરૂ કરવા અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને કેન્દ્રિય રીતે ચલાવવા માટે કાયમી વ્યવસ્થા ઊભી કરવા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવાનો પણ નિર્ણય લેવાયો હતો. આ મૉડલ દ્વિકર (ડિપાર્ટમેન્ટ ફોર વેલિડેશન ઑફ ઈન્ડિક નોલેજ એન્ડ એડવાન્સ્ડ રિસર્ચ) માં લોન્ચ કરવામાં આવ્યું હતું. ખાનગી લેબ બનાવવાનો પણ નિર્ણય લેવાયો હતો. જ્યારે વર્ષોથી ચાલતી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટેનેબિલિટી વિભાગમાં હંગામી કોન્ટ્રાક્ટના ધોરણે નવા ડિરેક્ટરની નિમણૂક કરવામાં આવી હતી.પાર્ટનર કંપનીઓ સાથેના કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યા હતા અને એનિમેશન વિભાગ દ્વારા ચલાવવામાં આવતા વિવિધ પ્રોજેક્ટમાં ખર્ચ, ફી સહિતની નાણાંકીય ચૂકવણી કરવામાં આવી હતી. સંયોજકની નિમણૂક થતાં નવા કુલપતિએ તેમની પાસે ચેકબુક સહિતના તમામ દસ્તાવેજો માગ્યા હતા પરંતુ તેઓ બતાવી શક્યા ન હતા અનેજેમાં મુખ્યત્વે કરોડો રૂપિયાનું કૌભાંડ બહાર આવ્યું હતું, જેના પરિણામે ૧૪મી જૂને યુનિવર્સિટીની કારોબારી સમિતિની બેઠકમાં કમલજીત લખતરિયાને સસ્પેન્ડ કરીને ગુનો નોંધી તપાસ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો.

સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો

# દિલ્હી પોલીસ અને સીબીઆઇના સ્વાંગમાં સીનીયર સિટીઝન સાથે છેતરપિંડી કરતી ગેંગ ઝડપાઈ

। અમદાવાદ,તા.૨૮ ।

દિલ્હી પોલીસ અને સીબીઆઈના ઉચ્ચ અધિકારીઓના નામે વાતચીત કરીને તેમના નામના આધારકાર્ડનો ઉપયોગ કરીને પાર્સલ મોકલીને તેમાં પાસપોર્ટ, એટીએમ કાર્ડ અને એમડી ડ્રગ્સ હોવાનું કહીને સીનીયર સિટીઝનોને છેતરતી ગેંગનો અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. આરોપીઓ સીનીયર સિટીઝનોને ધમકાવીને તેમના નામનું કોર્ટમાંથી વોરન્ટ નીકળ્યું છે કહીને વિડીયો કોલ કરીને ડીજીટલ એરેસ્ટ કરી લેવાની ધમકી આપતા હતા. બાદમાં ભોગ બનનારાઓ પાસેથી નણાં પડાવતા હતા. પોલીસે આ કેસમાં આ ગેંગના ખાતા ધારક અને બેંક ખાતા ખોલવામાં મદદ કરનારા યશ બેંકના કર્મચારીઓની ધરપકડ કરી હતી.આ કેસની વિગત મુજબ ૧૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ અમદાવાદમાં રહેતા એક સીનીયર સિટીઝને સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંદાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે અજાણી વ્યક્તિઓએ વોટ્સએપ કોલ કરીને પોતે દિલ્હી પોલીસમાંથી બોલતા હોવાનપં કહ્યું હતું, બાદમાં સીનીયર સિટીઝનના આધારકાર્ડનો ઉપયોગ કરીને એક પાર્સલ




મોકલવામાં આવ્યું હતું. જેમાં ૧૬ પાસપોર્ટ, ૫૮ એટીએમ કાર્ડ અને ૧૪૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું છે કહીને તેમની સામે પોલીસ ફરિયાદ થઈ છે, એમ જણાવ્યું હતું. કોર્ટે આ કેસમાં તેમની વિરૂધ્ધ એરેસ્ટ વોરન્ટ પણ ઈશ્યું કર્યું છે અને તપાસમાં ,હકાર નહી આપે તો આ કેસમાં ફસાવી દેવાની સીનીયર સિટીઝનને ધમકી આપી હતી. બાદમાં ડીજીટલ એરેસ્ટ કરી તેમનું નિવેદન મેળવવા ના નામે ફરિયાદી પાસેથી તેમના બેંક બેલેન્સની માહિતી મેળવી લઈને વેરીફિકેશન માટે પૈસા મોકલી આપવા કહ્યું હતું.

# કાલોલના વેજલપુરમાં આવેલી ફાર્મા કંપનીમાં એટીએસના દરોડા

। માહિતી બ્યુરો, દાહોદ,તા.૨૮ ।

ગુજરાતમાં ફરી એક વાર શંકાસ્પદ દવાનું ઉત્પાદન કરતી ફાર્મા કંપની પર એટીએસએ દરોડા પાડ્યા છે. પંચમહાલ જિલ્લાના કાલોલના વેજલપુર પાસે આવેલી એસન્સ ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડનામની કંપનીમાં ગુજરાત એટીએસના દરોડા પાડ્યા છે. ગુજરાત એટીએસએ સ્થાનિક પોલીસને સાથે રાખીને એસેન્સ ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

મોડી રાત સુધી એટીએસ અને સ્થાનિક પોલીસ અને એફએસએલની ટીમોએ તપાસ કરી છે. એટીએસએ કંપની દ્વારા બનાવવામાં આવતી કેટલીક શંકાસ્પદ દવાઓના નમુના બે અલગ અલગ બોક્સમાં મળ્યા હોવાનું સામે આવ્યું છે.એટીએસની ટીમ દ્વારા શંકાસ્પદ દવાઓના નમુના મેળવી તપાસ માટે લઈ જવામાં આવ્યા છે. કંપની દ્વારા બનાવવામાં આવતી દવાના નમૂનાની તપાસ બાદ જ હકીકત સામે આવે તેવી શક્યતા છે.-ગુજરાતમાં ફરી એક વાર શંકાસ્પદ દવાનું ઉત્પાદન કરતી ફાર્મા કંપની પર એટીએસએ દરોડા પાડ્યા છે. પંચમહાલ જિલ્લાના કાલોલના વેજલપુર પાસે આવેલી એસન્સ ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડનામની કંપનીમાં ગુજરાત એટીએસના દરોડા પાડ્યા છે. ગુજરાત એટીએસએ સ્થાનિક પોલીસને સાથે રાખીને એસેન્સ ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.






## તંત્રી લેખ...

# મોંઘવારી હજુ વધુ

દેશમાં મોંઘવારીના કારણે લોકો ખુબ ત્રસ્ત થયેલા છે. સામાન્ય લોકોની તકલીફ મોંઘવારીને લઈને રહેલી છે. આના કારણે લોકોના બજેટ ખોરવાઈ ગયા છે. સારી આવક ધરાવતા લોકો પણ પરેશાન છે. જેથી ગરીબ અને મધ્યમ વર્ગની હાલત કેવી છે તે સમજી શકાય છે. છેલ્લા આઠ વર્ષથી નક્કર પરિણામોની રાહ જોઈ રહ્યા છે પરંતુ અપેક્ષા મુજબના પરિણામ નોકરી અને મોંઘવારીના સંબંધમાં મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં સામાન્ય લોકો પણ હવે વધારે રાહ જોવા માટે તૈયાર નથી. કોરોના વાયરસના દોરમાં રોજગારી લોકોની જઈ રહી છે. લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં રોજગારીના મોરચા પર સાવધાની જરૂરી બની છે. પગલાની પણ જરૂર દેખાઈ રહી છે. લોકોની રોજગારી બચે અને વધુ રોજગારી સર્જાય તેવા કોઈ પગલા જાહેર થઈ રહ્યા નથી. લોકો નારાજ પણ દેખાઈ રહ્યા છે. આના કેટલાક સંકેત પણ મળી ચુક્યા છે. નવી નવી યોજનાઓ જાહેર કરવાની બાબત એટલી મહત્વપૂર્ણ નથી જેટલી મહત્વપૂર્ણ બાબત જે યોજના છે તેના અમલીકરણની છે. લોકોને લોકલક્ષી યોજનાના લાભ ઝડપથી અને સારી રીતે મળે તે જરૂરી છે અને દેશના લોકો આ જ ઈચ્છે પણ છે. આવી સ્થિતીમાં મોદી સરકાર લોકોને સંતુષ્ટ કરવા નવાવર્ષમાં આના પર જ ધ્યાન આપે તે જરૂરી છે. રોજગારીને વધારી દેવા અને મોંઘવારી પર બ્રેક મુકવા સહિતના કેટલાક પગલા ઝડપી લઈને લોકોને રાહત આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. જો આ પગલા નહી લેવાય તે મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ હવે ઘટી શકે છે. થોડાક સમય પહેલા રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશનની શરૂઆત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ફરી એકવાર કરોડો લોકોને નોજરી મળશે તેવુ સ્વપ્ન પણ બતાવી દેવામાં આવ્યુ હતુ. દરેક ગરીબને સેનિક તરીકે ગણાવીને વડાપ્રધાન મોદીએ દસ વર્ષની પ્રગતિની યોજના તૈયાર કરવાની વાત પણ કરી હતી. યુવાનોને રોજગારી કઈ સરકાર આપવા માંગતી નથી. તમામ ઈચ્છે કે દરેક હાથને કામ મળે પરંતુ માત્ર ભાષણથી આ બાબત શક્ય બનશે નહી. મોદી સરકાર સત્તામાં હવે પુરતો ગાળો થઈ ગયો છે પરંતુ પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ મળ્યા નથી. લોકસભા ચૂંટણી પહેલા પણ મોદીએ યુવાનોને રોજગારી આપવાના મોટા મોટા વચન આપ્યા હતા. હવે મોદીને આ બાબત લોકોને બતાવી દેવાની જરૂર છે કે હજુ સુધી તેમના સરકારના ગાળા દરમિયાન કેટલા લોકોને રોજગારી મળી છે. સાથે સાથે આવનાર સમયમાં ક્યારે કેટલા લોકોને કઈ રીતે નોકરી આપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. દેશના લોકો હવે જાણવા માંગે છે. કારણ કે આશા જાગી છે. લોકોને મોદી પાસે ઘણી આશા છે. તમામ લોકોને હવે પરિણામનો ઈન્તજાર છે. નહેરુથી લઈને મોદી સુધી દરેક વડાપ્રધાને મોટા મોટા વચન યુવાનો અને દેશના લોકોને આપ્યા છે. યુવાનોને રોજગારી આપવાના પણ અને મોંઘવારીને જડમૂળતી નાબુદ કરવાના વચન પણ આપવામાં આવ્યા છે. પરંતુ આ દિશામાં કોઈ પ્રગતિ થઈ નથી. વચન આપવામાં આવ્યા હોવા છતાં પણ છેલ્લા ૬૮ વર્ષમાં બેરોજગારી પણ દુર થઈ નથી અને મોંઘવારી પણ દુર થઈ નથી.



લાંબા ગાળે પૃથ્વી પર વિનાશનુ તાંડવ તો ચોક્કસ થશે કારણ કે...

**વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષ પર આજે અમે આંખો બંધ કરી ચુક્યા છીએ ખતરાની ઘંટી સમાન છે. અમને સાવધાન થઈ જવાની જરૂર છે આવનાર પેઢીઓના ભવિષ્ય માટે હજુ ઘણા પગલા લેવાની જરૂર છે વિકાસ અને સુરક્ષાના નામે અમે વિનાશને આમંત્રણ આપી રહ્યા છીએ**

# સુરક્ષાના નામ પર વિનાશને આમંત્રણ

**વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષથી સાબિતી મળી રહી છે : વિશ્વના દેશો વચ્ચે સ્પર્ધા વચ્ચે ઘણી બેદરકારી રાખી રહ્યા છે જે જોખમી**

વિશ્વના દેશોમાં સુરક્ષા અને વિકાસના નામ પર હથિયારોને લઈને ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે આની સાથે જ પૃથ્વી પર કયામતનુ કાઉન્ટ ડાઉન પણ ચાલી રહ્યુ છે. આ વાત કોઈ અન્ય સામાન્ય લોકો નહી બલ્કે વિશ્વના ટોચના વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ કબુલી ચુક્યા છે.

સ્ટીફન હોકિંગે થોડાક સમય પહેલા આ અંગેની વાત કરીને તમામને સાવધાન કરવાના પ્રયાસ કર્યા હતા. ગ્લોબલ વોર્મિંગ, જેનેટિકલી એન્જિનિયર્ડ વાયરસ અને ન્યુક્લિયર વોરના કારણે પૃથ્વીના અસ્તિત્વ સામે સંકટ ઉભુ થઈ ગયુ છે તેવા સંકેત તેમણે આપ્યા હતા. વિજ્ઞાનની હાલમા જે રીતે પ્રગતિ થઈ રહી છે તેના કારણે ખતરા વધી રહ્યા છે. વિજ્ઞાનની પ્રગતિના નકારાત્મક પક્ષ પર આજે અમે આંખો બંધ કરી ચુક્યા છીએ. ખતરાની ઘંટી સમાન છે. અમને સાવધાન થઈ જવાની જરૂર છે. આવનાર પેઢીઓના ભવિષ્ય માટે હજુ ઘણા પગલા લેવાની જરૂર છે. વિકાસ અને સુરક્ષાના નામે અમે વિનાશને આમંત્રણ આપી રહ્યા છીએ. સુરક્ષાની ચિંતામાં અમે અમારા વિનાશના જ સામાન ભેગા કરી રહ્યા છીએ. જેથી એક વાત તો નક્કી છે કે આગામી ૧૦૦ અથવા તો એક હજાર વર્ષમાં પૃથ્વી પર વિનાશનુ તાંડવ થશે જ. હોલિવુડની ફિલ્મોમાં જ નહી અસલની લાઈફમાં પણ જેનેચિકલી એન્જિનિયર્ડ વાયરસના પ્રકોપને અમે જોઈ ચુક્યા છીએ.



ઈબોલા વાયરસના કારણે અમે આફ્રિકામાં મોતના તાંડવને નિહાળી ચુક્યા છીએ.

વર્ષ ૨૦૧૪-૧૫માં ઈબોલા વાયરસના ફેલાવાના કારણે ભારે મુશ્કેલી સર્જાઈ ગઈ હતી. ભારે જહેમત ઉઠાવ્યા બાદ તેને અંતે મહા બિમારી બની જવાથી રોકવામાં સફળતા મળી હતી. છતાં હજારો લોકોને જાન ગુમાવી દેવાની ફરજ પડી હતી. જેનેટિકલી રીતે એન્જિનિયર્ડ વાયરસ આના કરતા પણ વધારે તબાહી મચાવી શકે છે. કેટલાક દેશો પોતાની સુરક્ષાના નામે એવા જૈવિક હથિયારો જમા કરી રહ્યા છે જેમાં આ પ્રકારના ઘાતક વાયરસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આનો ઉપયોગ તબાહી સર્જી શકે છે. અમે દરરોજ સામાન્ય રીતે કોઈને કોઈ નવા પડકારોનો સામનો કરી રહ્યા છીએ. કેટલાક ગેસ લીક થવાના બનાવો અમે જોઈ ચુક્યા છીએ. નવા નવા વાયરસ અંગે વાંચી પણ રહ્યા છીએ. હાલમાં સ્કીન કેન્સરની સારવાર માટે ટી-વેક થેરાપીની શોધ કરવામાં સફળતા મળી છે. તેના મુજબ શરીરની પ્રતિરોધક ક્ષમતાને જ વિકસિત કરીને કેન્સરની સામે લડી શકાય છે. પરંતુ હોકિન્સ આ મામલે અમને સાવધાન કરે છે. તેમના કહેવા મુજબ આમા ખુબ જોખમ છે. કારણ કે જીનને મોડીફાય કરવા ઓડે આવનાર સંજોગોને લઈને વધારે વૈજ્ઞાનિક શોધ થઈ નથી.

શંકા છે કે આવા વાયરસનો તોડ કોઈ એન્ટી બાયોટિકની પાસે જ ન હોય. સ્ટીફન હોકિન્સે વર્ષ ૨૦૦૭માં લિયોનાર્ડો ડિ કેપ્રિયોની દસ્તાવેજી ફિલ્મમાં ચિંતા વ્યક્ત કરતા કહ્યુ હતુ કે અમે જાણતા નથી કે ગ્લોબલ વોર્મિંગની સ્થિતી ક્યારેય ખતમ થશે તેમને કહ્યુ છે કે જો સમય રહેતા કોઈ સુધારાના પગલા લેવામાં નહી આવે તો એ દિવસ દુર નથી જ્યારે ધરતી શુક્રની જેમ બની જશે. જ્યા તાપમાન ૨૫૦ ડિગ્રી થઈ જાય છે અને એસિડનો વરસાદ થાય છે. સંકેત બિલકુલ સ્પષ્ટ છે કે ઔદ્યોગિક ક્રાન્તિ બાદ ધરતીનુ સરેરાશ તાપમાન ૦.૮ ડિગ્રી સુધી વધી ગયુ છે. અમે વિકાસ માટે કોલસા અને પેટ્રોલિયમનો ભરપુર ઉપયોગ કરી રહ્યા છીએ.

આના કારણે કાર્બન ડાઈ ઓક્સાઈડ અને ગ્રીન પ્રભાવ અસર કરનાર કેટલીક ગેસો જન્મ લેશે. વિશ્વના જુદા જુદા ભાગોમાં ગ્લોબલ વોર્મિંગની અસર દેખાવવા લાગી ગઈ છે. વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે માનવીય દરમિયાનગીરીના કારણે અનનીનોની અસર પણ જોવા મળી શકે છે. તેનો સીધો સંબંધ ગ્લોબલ વોર્મિંગથી છે.હવે વધુ સાવધાની જરૂરી છે. ગ્લોબલ વોર્મિંગ જટિલ સમસ્યા અને એક પડકાર તરીકે છે. ગ્લોબલ વોર્મિંગ મામલે ભારત પણ વિશ્વના દેશો સાથે ગંભીર છે. વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ તમામ સામાન્ય લોકોને વધારે જાગૃત થવાની જરૂરીયાત દેખાઈ રહી છે.

## થોડું હટકે...

# હવે ઇન્સુલિનની ગોળી બની રહી છે

દુનિયાભરમાં આશરે ચાર કરોડ લોકો ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દી છે. આ તમામ દર્દી પૈકી મોટા ભાગના દર્દીને દરરોજ, દિવસમાં બે વખત ઈન્સુલિનના ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પોતાના બ્લડ શુગર લેવલને નિયંત્રિત રાખવા માટે આવા દર્દીને ઈન્જેક્શન લેવાની ફરજ પડે છે. પરંતુ હવે વૈજ્ઞાનિક ઈન્સુલિનની ગોળીઓ વિકસિત કરી રહ્યા છે. જેના કારણે ડાયાબિટીસના દર્દીને ઈન્ડેક્શનની પિડાથી રાહત મળી શકશે. ગોળી અને ઈન્જેક્શન વચ્ચે પસંદગી કરવાના વિકલ્પ મળવાની સ્થિતીમાં મોટા ભાગના દર્દી ગોળીને જ પસંદ કરશે તે બાબત તો નક્કી છે. હકીકતમાં હાર્વર્ડ જોન એ પોલસન સ્કુલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ અપ્લાઈડ સાયન્સના શોધ કરનાર લોકોએ કહ્યુ છે કે શરીરમાં ઈન્સુલિનની સપાટી જાળવી રાખવા માટે એક ઓરલ મેથડ વિકસિત કરવામાં આવી છે. જેના મારફતે ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓને ઈન્સુલિનના ઈન્જેકશન લેવાની જરૂર પડશે નહી. નિષ્ણાંતોએ કહ્યુ છે કે કેટલાક લોકો તો પિડાથી બચવા માટે ઈન્જેક્શનના ડરથી ઈન્સુલિન લઈ શકતા નથી. પરિણામ એ થાય છે કે શરીરમાં ગ્લાઈસેમિક નિયંત્રણ ખરાબ થઈ જાય છે. જેના કારણે આરોગ્ય સાથે સંબંધિત ગંભીર સમસ્યા ઉભી થઈ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ટાઈપ-૧ ડાયાબિટીસના લાખો દર્દીને ઈન્જેક્શન અથવા તો સોઈ મારઉતે ઈન્સુલિન આપવામાં આવે છે. કારણ કે આ દર્દીઓના શરીરમાં ઈન્સુલિનનુ નિર્માણ થઈ શકતુ નથી. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૬૧ મિલિયન ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો બોઝ ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે.



લાલચી સ્કીમોમાં ફસાઇને રોકાણકારો પરસેવાની કમાણી ગુમાવે છે

**બેંકમા જમાને અહી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે જ્યારે સામૂહિક મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ, એમબીએફસીના ફિક્સ ડિપોઝિટને સેબી દ્વારા મેનેજ કરવામાં આવે છે**

# રોકાણકારો રોજ લાખો ગુમાવે છે

**દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું સ્વપ્ન જોનાર ભારત જેવા દેશ માટે રોકાણકારોના હિતમાં નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે**

ભારતની ગણતરી દુનિયાના એવા દેશોમાં થાય છે જ્યાં મૂડીરોકાણકારોના હિત પ્રત્યે વધારે ગંભીરતા નજરે પડતી નથી. અહિં વારંવાર એક પછી એક કૌભાંડો આવતા રહે છે. ક્યારે શારદા કૌભાંડ સપાટી પર આવે છે તો ક્યારે સહારા કૌભાંડ સપાટી પર આવે છે. દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટેનું સ્વપ્ન નિહાળનાર દેશ માટે આ કોઈ શુભ સંકેત નથી અથવા તો લક્ષ્યાંક પણ નથી.

એક ઝડપથી વધતી અર્થવ્યવસ્થા માટે મૂડીરોકાણકારોના હિતોને પ્રાથમિકતા આપવાની બાબત કેમ જરૂરી છે. તેના માટે કયા પગલા લેવા જોઈએ. તેને લઈને જ અમે આજે આ વિષય પર ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. મૂડીરોકાણકારોના હિતને લઈને અસરકારક નીતિની સાથે સાથે છેતરપિંડી આચરનાર લોકો સામે સાવધાન રહેવામાં આવે તે પણ જરૂરી છે. ઘણા રોકાણકારો દરરોજ પોંજી સ્કીમ અથવા તો આકર્ષક યોજનાઓના સકંજામાં આવીને પોતાની સંપત્તિ ગુમાવી બેસે છે. આવી સ્થિતિથી મૂડીરોકાણકારો સાવધાન રહે તે જરૂરી છેમૂડીરોકાણના માધ્યમથી આવક ઉભી કરવાની ઈચ્છા દરેક વ્યક્તિની હોય છે. આ મૂડીરોકાણ ઘણા પ્રકારના હોઈ શકે છે. જેમાં બેંકમાં જમા, બીન બેન્કીંગ કંપનીઓમાં ફિક્સ ડિપોઝિટ, સામૂહિક



મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ તથા ચીટ ફંડનો સમાવેશ થાય છે. બેંકમા જમાને અહી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે. જ્યારે સામૂહિક મૂડીરોકાણની યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડ, એમબીએફસીના ફિક્સ ડિપોઝિટને સેબી દ્વારા મેનેજ કરવામાં આવે છે જ્યારે ચીટ ફંડને કંપની લો બોર્ડના માધ્યમથી રાજ્ય મેનેજ કરે છે પણ મુશ્કેલી એ છે કે આ તમામમાં ખૂબ ઓછા અંતરની સ્થિતિ રહે છે. આ અંતર એટલું ઓછું હોય છે કે સામાન્ય વ્યક્તિ તો ભ્રમમાં અને દુવિધામા મૂકાય જ છે સાથે સાથે પોતે નિયામક સંસ્થાઓ પણ કહી શકે છે કે આ સંસ્થાઓ અમારી હદમાં આવતી નથી.

આ બીજા નિયામકનો મામલો છે. આ ભ્રમ અને અવ્યવસ્થાના લીધે અનેક મૂડીરોકાણની ગતિવિધિને વધુ મજબુતી સાથે આગળ વધાવાની તક મળે છે જે કોઈ પણ રજિસ્ટર્ડ સંસ્થા નથી અને ગેરકાયદેરીતે મૂડીરોકાણની પ્રવૃત્તિ ચલાવે છે.એમ માની લેવા માટેનું કોઈ કારણ નથી કે કોઈ એક મૂડીરોકાણ શ્રેષ્ઠ છે અને બીજા મૂડીરોકાણમાં ખરાબી રહેલી છે. દરેક મૂડીરોકાણમાં કોઈને કોઈ વિશેષતા ગ્રાહકો માટે રહે છે. સાથે સાથે કેટલીક શરતો પણ ઘેરાયેલી હોય છે. કયામાં રોકાણની બાબત સારી છે અને કયામાં રોકાણથી નુકસાન છે. આ બાબત નક્કી કરવાની જવાબદારી મૂડીરોકાણકારોની હોય છે. ઘણી બધી રોકાણની યોજનાઓ હોવાથી મૂડીરોકાણકાર માટે આ બાબતની જાણકારી મેળવવી અશક્ય બની જાય છે કે તે જે મૂડીરોકાણના માધ્યમથી રોકાણ કરે છે તે સંપૂર્ણપણે સુરક્ષિત છે કે કેમ આ કામ રેગ્યુલેટર અથવા તો નિયામક સંસ્થાઓનુ રહે છે. શારદા જેવી પોંજી સ્કીમો અથવા તો ફ્રોડ કંપનીઓ સપાટી પર ન આવે તે જોવાનું કામ રેગ્યુલેટરનું હોય છે. દાખલા તરીકે ચીટ ફંડ યોજનાને સામાન્યરીતે ફ્રોડ મૂડીરોકાણ સમજવામાં આવે છે. પણ વાસ્તવિકતા એ છે કે કેરળ અને તમિળનાડુ જેવા રાજ્યોમાં આ યોજના સફળતાથી ચાલી રહી છે.

આના અંકુશ માટે એક કાયદો બનાવવામાં આવ્યો છે. થોડાક સમય પહેલા અભ્યાસમાં જાણવા મળ્યું કે તમિળનાડુની ચીટ કંપનીઓની પાસે ત્યાંની બેંકો કરતા પણ વધારે નાણાં છે. આ બાબત એટલા માટે શક્ય બની કે આ રાજ્યમાં ચીટ કંપનીઓ માટે નિયમો ઘણા સારા રાખવામાં આવ્યા છે.

જો કોઈ ચીટ ફંડ કંપની કાયદાની હદમાં રહીને કામ કરે તો તેને પોતાના પૈસાને માત્ર ચાર સ્થાનોમાં ખર્ચ કરવની મંજૂરી મળે છે. પ્રથમ ચીટ ફંડ ચલાવવા માટે જ્યારે બીજું ચીટ ફંડ કંપનીઓના સભ્યોને ઉછીના નાણાં આપવા. ત્રીજું સ્વીકૃત બોન્ડ અને અન્ય રોકાણમાં રોકાણ કરવા અને ચોથુ બેંકમાં જમા કરવાની મંજુરી મળે છે. ચીટફંડ કંપનીઓ પોતાના પૈસાનો ખર્ચ કાયદાની દષ્ટિએ કરી શકવાની સ્થિતિમાં હોતી નથી. પૂર્વ કેન્દ્રિય નાણાં અનેગૃહ પ્રધાન ચિદમ્બરમના પત્નિ નલિનીની હવે પુછપરછ કરવામાં આવનાર છે. તેમાંથી પણ કેટલીક વિગત સપાટી પર આવી શકે છે.

# સેનેટાઇજર નથી તો ચિંતાની વાત નથી

કોરોના પર હવે બ્રેકની સ્થિતી આવી ગઈ છે. પરંતુ કોરોનાના કારણે ઘણા બોધપાઠ લેવાની જરૂર છે. કોઈ પણ વાયરસના હુમલાના કેસમાં સાવધી રાખવા માટે કેટલાક ઉપાય ઘરમાં કરી શકાય છે. ઘરમાં સેનેટાઈઝર નથી તો પરેશાન થવાની બિલકુલ જરૂર નથી. અડધી બાલ્ટીમાં ગરમ પાણી કરી લેવાની જરૂર હોય છે અને તેમાં નમક અથવા તો મિઠાની ચાર ચમચી નાંખીને મિક્સ કરી દેવાની જરૂર હોય છે. આ પ્રકારના પાણીથી હાથ, પગ, મો અને નાકના અંદરના હિસ્સાને વારંવાર સાફ ધોવાથી ફાયદો થાય છે. જો આવુ કરવામાં આવે તો કોઈ વાયરસની અસર થશે નહીં. જે લોકોને શરદી અને ઉધરસની તકલીફ છે તે લોકોને પણ સાવધાની રાખવાની જરૂર હોય છે. આના પ્રયોગ કરવાથી આરામ મળે છે. જે લોકોના ગળમાં ખરાશ રહે છે તે લોકો પણ આ પ્રયોગ કરે તો તેમને ફાયદો થાય છે. ગળામાં ખરાશ છે અને ઈન્ફેક્શનની અસર છે તો ગરમ પાણીમાં મીઠુ મિક્સ કરીને તેમાં હલ્દર નાંખીને પીવાથી ફાયદો થાય છે. દાંતોની સમસ્યામા પણ ફાયદો થાય છે. સરસોના તેલમાં કોઈ પણ વાયરસ જીવિત રહી શકે તેમ નથી. તેના તેલમાં એક ચપટી હલ્દર મિલાવીને નાક કાનમાં લગાવવાથી ફાયદો થાય છે. બીજી બાજુ હાલમાં રોગ પ્રતિકારક ક્ષમતા મજબુત રાખવામાં આવે તે જરૂરી છે. ફેફસાની મજબુતી માટે કસરતની સાથે સાથે હેલ્થી ડાઈટ પણ જરૂરી રહે છે. નિયમિત હેલ્થી ડાઈટ લેવાથી શરીરના સેલ્સ સ્વસ્થ રહે છે. ફેફસાના ઈન્ફેક્શનથી બચવા માટે કેટલાક તરીકે રહેલા છે. જે પૈકી એક તરીકો વિટામિન અને પ્રોટીન રીચ ડાઈટનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હાલમાં કોરોના વાયરસનો આતંક જારી છે ત્યારે ફેંફસાની મજબુતી માટે કસરત કરવાની જરૂર રહે છે. સામાન્ય અને શાકાહારી ભોજન ફેફસા માટે ઉપયોગી રહે છે. તેમાં વિટામીન, એન્ટી ઓક્સીડેન્ટ ભરપુર માત્રામાં રહે છે. જેના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે.



ચીનને તેની ભાષામાં જ જવાબ આપવાની જરૂર ઉભી થઇ છે...

**ભારત એક શાંતિપ્રિય દેશ છે, ચીન આર્થિક અને રણનિતી સાથે સંબંધિત પ્રભાવ વધારીને આગળ વધવા માટે ઇચ્છુક છે તે સરહદી વિવાદને લઇને વારંવાર જટિલ સ્થિતી સર્જે છે તે ભારતના નેપાળ જેવા મિત્ર દેશ પર પ્રભાવ વધારીને માનસિક ભય સર્જવાના પ્રયાસ કરે છે**

# ચીનની ચાલાકી : ગુપ્ત રીતે નિર્માણ કામ

**ચીનની ચાલના મુલ્યાંકન બાદ જ પોતાના મોહરાનો ઉપયોગ કરવાની જરૂર : બાજી હમેંશા હાથમાં રાખવા માટે સાવધાની ખુબ જરૂરી છે**

ચીનની ચાલાકી વધી રહી છે. અરૂણાચલપ્રદેશમાં માર્ગ નિર્માણના બહાને ચીની સૈનિકોની ઘુસણખોરી રોજની વાત થઈ ગઈ છે.હાલમાં જ તુતિંગ અને કિવિથમાં ચીની સૈનિકોની ઘુસણખોરી થઈ હતી. સાથે સાથે ત્યાં ભારતીય જવાનોની પેટ્રોલિંગની પ્રક્રિયાની સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. ચીન અને ભારત વચ્ચે ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદ છે. સરહદ સાથે જોડાયેલા પારસ્પરિક વિવાદને સમજી લઈને તેના ઉકેલ લાવવામાં આવે તે સમયની માંગ છે. આના માટે ઈતિહાસના પાના ઉથેલવા જોઈએ. અરૂણાચલપ્રદેશ શરૂઆતથી ભારત અને ચીન વચ્ચે વિવાદના કારણ તરીકે છે. ચીન આને દક્ષિણ તિબેટના હિસ્સા તરીકે ગણે છે. સાથે સાથે જીદ્દી વલણ ધરાવે છે. બીજી બાજુ પ્રાચીનકાળથી જ આ હિસ્સો ભારતનો છે. રામાયણ, વૈદિક કાળ અને મહાભારતના સમયથી જ તેના ભારતમાં હોવાના પુરાવા મળ્યા છે. અમને સમજી લેવાની જરૂર છે



કે ચીન ખુબ વિચારીને રણનિતી પર આગળ વધનાર દેશ છે. તે પોતાની આર્થિક પ્રગતિમાં કોઈ અડચણ ઈચ્છતુ નથી. તેની નીતિ તેના હરિફોને કોઈ પણ રીતે પરેશાન કરવાની રહી છે. પડોશી દેશોના નાગરિકોમાં અવિશ્વાસની ભાવના ઉભી કરવાનો તેનો હેતુ રહ્યો છે. ભારતને ભ્રમમાં મુકીને આગળ વધવા માંગે છે. ચીનની ચાલાકીનો હવે યોગ્ય જવાબ આપવાનો સમય છે. જે રીતે ચેસના ખેલાડી દરેક ચાલનો જવાબ વિચારીને આપે છે તે રીતે ચીનની ચાલનો જવાબ આપવાની જરૂર છે. સરહદ પર ટેન્શનની ચીની ચાલને કોઈ પણ કિંમતે હળવાશથી લઈ શકાય નહી. અરૂણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વારંવાર ચીની ઘુસણખોરીના સમાચાર આવતા રહે છે. અરૂણાચલપ્રદેશ અને સિક્કિમને લઈને તેની નીતિ પણ હમેંશા પ્રશ્નો ઉભા કરે છે. ચીનની ઘુસણખોરીને હળવાશથી લેવાની સ્થિતીમાં નુકસાન થઈ શકે છે. ચીનની દુસાહસની પ્રવૃતિ માત્ર દક્ષિણ ચીન દરિયા સુધી જ મર્યાદિત નથી. તે સમગ્ર દક્ષિણ એશિયામાં આને અજમાવવા માટે ઈચ્છુક છે. ડ્રેગન ભારતને સરહદી વિવાદ મામલે બેકફુટ પર લઈ જવા માટે પ્રયાસ કરે છે.

ભારતીય સરહદમાં ક્યારેય લડાખમાં તો ક્યારેય અરૂણાચલ પ્રદેશમાં ચીની સૈનિકો ઘુસણખોરી કરતા રહે છે. હવે તેમની દરમિયાનીગીરી ઉત્તરાખંડ સુધી પહોંચીગઈ છે. આ બાબત અમારા માટે ચોક્કસપણે ચિંતાજનક છે. ચોક્કસપણે આ ઘુસણખોરી પાછળ ચીનની પહેલા જ વિચારવામાં આવેલી રણનિતી રહેલી છે. તેમાં ઉંડાણમાં જવામાં આવે તો જાણી શકાય છે કે કેટલાક પાસા તેમાં રહેલાછે. ભારતને દક્ષિણ એશિયામાં કઈ રીતે કાઉન્ટર બેલેન્સ કરવામાં આવે તેના પ્રયાસમાં ચીન રહે છે.

આના કારણે જ તે સરહદી વિવાદ મામલે ભારતને હેરાન કરવાના પ્રયાસ કરે છે. તે ભારતમાં સરહદી વિસ્તારમાં ઘુસણખોરી કરીને ભારતને મંત્રણા ટેબલ પર લાવવા માટે ઈચ્છુક રહે છે. આ વખતે ચીન દક્ષિણ એશિયામાં વેપાર અને રોકાણમાટે પ્રવેશ ઈચ્છે છે. બાંગ્લાદેશ, મ્યાનમાર, ચીન કોરિડદોરની જેમ જ તે કેટલીક સુચિત યોજના ધરાવે છે. તે સંપૂર્ણ દક્ષિણ એશિયામાં પોતાના ભૌગોલિક જોડાણ જેમ તેમ વધારીને આગળ વધવાના પ્રયાસમાં રહે છે. ભારત તેની આ રણનિતીથી નારાજ છે. બીજો મોટો મુદ્દો એ છે કે ચીન નેપાળ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના સંપર્કમાં રહીને તેમના ટેકાથી સાર્કના સભ્ય બનવાની નિતી પણ અપનાવી રહ્યુ છે. આના કારણે તેની ક્ષેત્રીય દરમિયાનગીરી વધારે વધી જશે. તે હાલના સમયમાં પોતાની સાથે નાના દેશોને લઈ



**Cyber Octet™**

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad


91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

ટંટ કરતી વખતે ગરદનમાં ગંભીર ઈજા

# ‘ગુડચારી ૨’ના સેટ પર ઈમરાન હાશ્મી ઘાયલ થયો



અભિનેતા ઈમરાન હાશ્મીનો એક ફિલ્મના સેટ પર અકસ્માત થયો હતો, જેમાં તે ઘાયલ થયો છે. તેની ગરદન પર ઈજા થઈ છે. ઈમરાન હાશ્મીની ઘાયલ તસવીરો પણ ઈન્ટરનેટ મીડિયા પર વાયરલ થઈ થતાં ફેન્સની ચિંતા વધી ગઈ છે. ઈમરાન હાશ્મી તાજેતરમાં જ ‘ગુડચારી ૨’ની કાસ્ટ સાથે જોડાયો છે. હૈદરાબાદમાં એક ઈન્ટેન્સ એક્શન સીન શૂટ કરતી વખતે ગરદનમાં ઈજા થઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે જમ્પ સિક્વન્સ દરમિયાન અભિનેતા ઘાયલ થયો હતો, જેના કારણે તેની ગરદન પર ઊંડો કટ પડ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરમાં અભિનેતાની ઈજા સાથે લોહી દેખાઈ રહ્યું છે, જેના કારણે તેના ચાહકોની ચિંતા વધી ગઈ છે. ઈમરાન હાશ્મી હૈદરાબાદમાં ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો.અહેવાલો અનુસાર, ઈમરાન હાશ્મીને આ ઈજા તે સમયે થઈ હતી જ્યારે તે એક મુશ્કેલ સ્ટંટનું શૂટિંગ કરી રહ્યો હતો. પ્રોડક્શન સેટના એક સૂત્રએ કહ્યું, ‘ઈમરાન એક એક્શન સીન શૂટ કરી રહ્યો હતો ત્યારે તેની ગરદનમાં ઈજા થઈ હતી. આ ઈજા કદાચ જમ્પિંગ સીન દરમિયાન થઈ હતી. ઈમરાન હાશ્મી ટૂંક સમયમાં ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કરી શકે છે.ઓગસ્ટમાં અભિનેતા આદિવી શેષને ઈમરાન હાશ્મીની ગુડચારી ૨ માં જોડાવાની જાહેરાત કરવામાં આવી હતી, જેણે તરત જ ચાહકોને સહયોગ માટે ઉત્સાહિત કર્યા હતા.

# શ્વેતા તિવારીએ ૮ વર્ષ નાના એક્ટર સાથે કરી લીધા લગ્ન ?

વેડિંગ કપલ ફોટો થયો વાયરલ



એક્ટ્રેસ શ્વેતા તિવારી પોતાની પર્સનલ લાઈફને લઈને અવારનવાર ચર્ચામાં રહે છે. તેણે બે લગ્ન કર્યા હતા અને બંને લગ્ન ટક્યા ન હતા. શ્વેતાના છૂટાછેડા થઈ ગયા છે અને હવે તે પોતાના બે બાળકો અને કેરિયર પર ધ્યાન આપી રહી છે. હાલમાં જ શ્વેતાનો એક ફોટો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જે બાદ તેના ત્રીજા લગ્નની અફવાઓનું બજાર ગરમ થઈ ગયું છે.ફોટામાં, શ્વેતા દુલ્હનના પોશાકમાં સજ્જ જોવા મળે છે અને તે અભિનેતા વિશાલ આદિત્ય સિંહ સાથે લગ્ન કરતી જોવા મળે છે, જે તેના કરતા ૮ વર્ષ નાના છે. શ્વેતા અને આદિત્યએ કલર કોઓર્ડિનેટેડ પોશાક પહેર્યા છે અને તેમના ગળામાં સફેદ ગુલાબની માળા છે. શ્વેતાની માંગમાં સિંદૂર પણ દેખાય છે. પરંતુ આ વાયરલ ફોટોમાં જે સત્ય દેખાઈ રહ્યું છે તે નથી.વાસ્તવમાં, આ એક મૉર્ફ કરેલો/બનાવટી ફોટો છે. આ વાસ્તવિક ફોટો અભિનેત્રી સ્વરા ભાસ્કરના સમાજવાદી પાર્ટીના નેતા ફહાદ અહેમદ સાથેના લગ્નના રજિસ્ટ્રેશનનો ફોટો છે. આ ફોટો પર કોઈએ વિશાલ આદિત્ય સિંહ અને શ્વેતા તિવારીના ચહેરાને એડિટ કર્યો છે. શ્વેતા અને વિશાલના લગ્નનો આ ફોટો સાવ ખોટો છે.શ્વેતા તિવારી અને વિશાલ આદિત્ય સિંહ સારા મિત્રો છે. તે ખતરોં કે ખિલાડીમાં પણ જોવા મળ્યો હતો. તેમના અફેર વિશે અફવાઓ પણ ફેલાઈ ચૂકી છે. પરંતુ કલાકારોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર સારા મિત્રો છે અને તેનાથી વધુ કંઈ નથી. બંનેએ બેગુસરાયમાં પણ સાથે કામ કર્યું હતું.શ્વેતાની વાત કરીએ તો તેના પહેલા લગ્ન રાજા ચૌધરી સાથે થયા હતા.

# ટ્રાફિક ભંગ થતો જોઈ બિગ બી એન્ગ્રી યંગ મેન બની જાય છે

અમિતાભ ૨૦૦૦થી કેબીસી હોસ્ટ કરે છે, વચ્ચે એક વખત માત્ર ૨૦૦૭ની સીઝન શાહરુખ ખાને હોસ્ટ કરી હતી



અભિષેક બચ્ચનની ફિલ્મ ‘આઇ વોન્ટ ટુ ટોક’ આવી રહી છે, જે શુજિત સરકાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ ફિલ્મના પ્રમોશન માટે અભિષેક, શુજિત તેમજ ફિલ્મના લેખક અર્જૂન સેન કૌન બનેગા કરોડપતિ ૧૬ના સેટ પર આવવાના છે. આ એપિસોડ અમિતાભ અને અભિષેક સાથે મળીને હોસ્ટ કરવાના છે. આ એપિસોડમાં અભિષેકે જણાવ્યું હતું કે, ટ્રાફિક ભંગ થતો જોઈને બિગ બી એન્ગ્રી યંગ મેન જેવા બની જાય છે. સોની દ્વારા આ એપેસિડનો પ્રોમો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં અમિતાભ અને અભિષેકને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો કે કાર કોણ સારી રીતે ડ્રાઈવ કરે છે. ત્યારે અમિતાભ તરત જ હાથ ઊંચો કરે છે. આ વખતે અભિષેકે હાથ લાંબો કરીને કહ્યું, “પા, પ્લીઝ.” ઓડિયન્સ સાથે વાત કરતાં અભિષેકે કહ્યું, “એ ગાડી ઓછી ચલાવશે અને બીજાને ટોકશે વધારે. કોઈ ખોટા રસ્તેથી આવી ગયું, ફોન કાઢીને એમનો ફોટો લેશે. કહેશે, “ટ્રાફિક પોલિસને મોકલીશ કે આ લાઈટ તોડીને નીકળી રહ્યો છે.” અને એ વિચારવા લાગે છે, “અરે અમિતાભ બચ્ચન તો મારી સેલ્ફી લઈ રહ્યા છે.””આ પોસ્ટની કૅપ્શનમાં સોનીએ લખ્યું હતું, “એબી પણ દેશના બીજા પિતાઓ જેવા જ છે.” ૧૨ ઓગસ્ટથી કેબીસીની નવી સિરીઝ શરૂ થઈ છે. અમિતાભ ૨૦૦૦થી કેબીસી હોસ્ટ કરે છે, વચ્ચે એક વખત માત્ર ૨૦૦૭ની સીઝન શાહરુખ ખાને હોસ્ટ કરી હતી. જો ફિલ્મોની વાત કરવામાં આવે તો અમિતાભ છેલ્લે રજનીકાંત સાથે ‘વૈત્તેયાં’માં કામ કર્યું હતું. જ્યારે અભિષેક હવે શ્રુજિત સરકારની ‘આઈ વોન્ટ ટુ ટોક’માં જોવા મળશે.

# રણવીર- દીપિકાએ પોતાની જ બિલ્ડિંગમાં બીજો ફલેટ ભાડે લીધો

દીપિકા પદુકોણ અને રણવીર સિંહ મુંબઈમાં પ્રભાદેવી પાસે જે બિલ્ડિંગમાં માલિકીનો ફલેટ ધરાવે છે તે જ બિલ્ડિંગમાં તેમણે મહિને સાત લાખ રુપિયાના ભાડે બીજો ફલેટ લીધો છે. ભાડે લીધેલો ફલેટ ૨૩૧૯ ચોરસ ફૂટનો છે. તે ૨૪મા માળે આવેલો છે. આ ફલેટ સાથે તેમને ત્રણ કાર પાર્કિંગ પણ મળશે. દીપિકાઅને રણવીરે આ ફલેટ માટે ૩ વરસનું એગ્રીમેન્ટ કર્યું છે. જેના માટે તેમણે રૂપિયા ૨૧ લાખ ડિપોઝિટ પેઠે આપ્યા છે. ૧૩ નવેમ્બરના રોજ થયેલા એગ્રીમેન્ટ પ્રમાણે પહેલા ૧૮ મહિના માટે આ ફલેટનું ભાડું રુપિયા સાત લાખ રહેશે. આ પછીના ૧૮ મહિના માટે ૭.૩૫ લાખ રૂપિયા ભાડા પેટે આપવા પડશે. દીપિકા અને રણવીર બાંદરામાં તેમનું ડ્રીમ હોમ ૧૦૦ કરોડના ખર્ચે સજાવી રહ્યાં છે. આ ઉપરાંત મુંબઈ નજીકનાં અલીબાગ સહિતનાં સ્થળે પણ તેમની પ્રોપર્ટી છે. મુંબઈના પ્રભાદેવીની બિલ્ડિંગમાં એક ફલેટ ખરીદેલો છે, બીજા માટે મહિને સાત લાખ ભાડું આપશે.



# કંગનાએ શાહરુખના દીકરા આર્યનના વખાણ કર્યા


નીપોટિઝમની કટ્ટર વિરોધી

ઈન્ડસ્ટ્રીમાં નેપોટીઝમ અંગેની ચર્ચા શરૂ કરવાનો અને નેપોકિડ્ઝ શબ્દપ્રયોગને જાણીતો કરવાનો શ્રેય મહદંશે કંગના રણૌતને જાય છે. તે હંમેશા આ બાબતે પોતાનો વિરોધ પ્રદર્શિત કરતી રહી છે. તેમજ ઈન્ડસ્ટ્રીમાં બહારથી આવતા લોકોને એટલે કે આઉટસાઈડર્સને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તે અંગે પોકારી પોકારીને કહેતી રહી છે. પરંતુ હવે જાણે તેણે પોતાનું વલણ બદલ્યું છે. શાહરુખની દિકરી સુહાના ખાન બાદ હવે દિકરો આર્યન ખાન પણ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે.મંગળવારે નેટફિલક્સ દ્વારા એક નવી સિરીઝની જાહેરાત કરવામાં આવી છે. જે શાહરુખના રેડ ચિલિઝ એન્ટરટેઈન્મેન્ટ બેનર હેઠળ ગૌરી ખાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. હજુ આ સિરીઝનું નામ જાહેર કરવામાં આવ્યું નથી પરંતુ મહત્વની વાત એ છે કે આ સિરીઝ શાહરુખના દિકરા આર્યન ખાન દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. આ અંગે ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોએ ઉત્સાહપૂર્વક પ્રતિભાવો આપ્યા હતા. તેમાંથી કંગનાના પ્રતિભાવે ઘણાનું ધ્યાન ખેંચ્યું છે. આ અનાઉન્સમેન્ટ બાદ કંગના રણૌતે પોતાના ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરી હતી અને લખ્યું હતું, “ફિલ્મ પરિવારમાંથી આવતા બાળકો મેક અપ કરીને વજન ઘટાડીને તૈયાર થઈને પોતાની જાતને એક્ટર માને તેના કરતાં આ બધાંથી પરે જાય એ બહુ સારી વાત છે.”આર્યને જે પ્રકારની કૅરિઅર પસંદ કરી છે તે અંગે વખાણ કરતાં કંગનાએ લખ્યું, “આપણે એકસાથે મળીને ભારતીય સિનેમાના ધોરણોનું સ્તર ઉપર લઈ જવાની જરૂર છે, તેની હાલ ખાસ જરૂર છે. જેમની પાસે બધી જ સુવિધાઓ છે, તેઓ મોટાભાગે સરળ રસ્તો અપનાવી લે છે.




# ‘પુષ્પા ૨’ના ટ્રેલરનો ૨૪ કલાકમાં જ ૧૦૦ મિલિયન વ્યૂઝનો રેકોર્ડ

છેલ્લાં ઘણા સમયથી ‘પુષ્પા ૨’ની રાહ જોવાઈ રહી છે, અંતે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે. થોડાં જ કલાકોમાં લાખો લોકોએ આ ટ્રેલર જોઈ લીધું હતું અને અડધા દિવસમાં તો આ ટ્રેલરે આંધી અને તોફાન મચાવી દીધાં હતાં. તેથી તે વ્યૂઅરશિપના રેકોર્ડ તોડે તે અપેક્ષિત તો હતું જ અને એવું જ થયું. પુષ્પાનું ટ્રેલર આવતાવેંત છવાઇ ગયું અને ૨૪ કલાકમાં જ ૧૦૦ મિલિયન વ્યૂનો રેકોર્ડ તોડી નાંખ્યો.પટનાના ગાંધી મેદાનમાં આ ટ્રેલર લોંચની ઈવેન્ટ યોજાઈ હતી. તો બીજી તરફ યૂટ્યુબ પર ટ્રેલર છવાઈ ગયું હતું, લોંચ થતાંની સાથે વાયરલ થઈ ગયું હતું. જોકે, ઘણા લોકો આ ટ્રેલરને સામાન્ય પણ ગણાવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઘણા લોકોને તેમાં કોઈ ખાસ મજા આવી નથી. તો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઘણા લોકો એવા છે, જેને ટ્રેલર જોઈને મજા આવી ગઈ છે. ૨૪ કલાકમાં આ ટ્રેલરને ૧૦૨ મિલિયન વ્યૂઝ મળ્યા છે. આ સાથે તે ૧૦૦ મિલિયનનો આંકડો પાર કરનાર ફિલ્મોની યાદીમાં આવી ગઈ છે. બધી જ ભાષાઓમાં હિન્દી ટ્રેલરને સૌથી વધુ ૪૯ મિલિયન વ્યૂ મળ્યા છે. તેલુગુ ટ્રેલરને ૪૪ મિલિયન વ્યૂ અને તમિલ ટ્રેલરને ૫.૨ મિલિયન તેમજ કન્નડા – મલિયાલમ ટ્રેલરને ૧.૯ મિલિયન વ્યૂઝ મળ્યા છે.આ વ્યૂઝ સાથે ‘પુષ્પા ૨’નું ટ્રેલર સૌથી વધુ જોવાયેલા ટ્રેલરમા ત્રીજા ક્રમે પહોંચી ગયું છે.



# સારાએ સફળ જીવનનું શ્રેય કેદારનાથને આપ્યું

સારા અલી ખાનને કેદારનાથ પ્રત્યે કેટલી શ્રદ્ધા છે અને તે અનેક વખત કેદારનાથની મુલાકાત લે છે, તે તો તેના દરેક ફૅન્સ જાણે છે. સારાની ડેબ્યુ ફિલ્મ ‘કેદારનાથ’ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં સારાએ કહ્યું કે આ સ્થળની પહેલી મુલાકાતે તેનું જીવન કઈ રીતે બદલ્યું અને તેને અંગત જીવન તેમજ કરિઅરમાં જે પણ સફળતાઓ મળી તેનું શ્રેય તેણે કેદારનાથને આપ્યું હતું. આ સ્થળ સાથેના તેના જોડાણ અંગે વાત કરતાં સારાએ કહ્યું,“જ્યારે હું પહેલી વખત કેદારનાથ ગઈ તો, હું એક એક્ટર નહોતી કે નહોતી હાલ છું એ વ્યક્તિ. આજે હું જે કંઈ પણ છું તે માત્ર આ જગ્યાને કારણે છું. જ્યારે પણ બુલાવો આવે છે ત્યારે હું ફરી તેમના દર્શન માટે પહોંચી જઉં છું અને મારું કામ કર્યા કરું છું.”સારા કેદારનાથ ઉપરાંત પણ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેતી રહે છે અને તેની ધાર્મિકતા માટે જાણીતી છે. આ મુલાકાતો તે પોતાના સોશિયલ મીડિયા પર પણ શેર કરતી રહે છે, છતાં એક મુસ્લિમ પિતા અને હિન્દુ માતાની દિકરી થઈને મંદિરોની મુલાકાતો લેતી હોવાથી તેને ઘણી વખત ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. આ પ્રકારની નકારાત્મકતાઓનો સામનો કરવા અંગે સારાએ અગાઉના ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, તેનાથી તેને ખાસ ફરક પડતો નથી. જ્યાં સુધી તેના કામના વખાણ થતાં રહે છે, ત્યાં સુધી તે આ આસપાસના ઘોંઘાટ પર ધ્યાન આપતી નથી. સારાના કામની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે કન્નન ઐયરની ‘એ વતન મેરે વતન’માં કામ કર્યું હતું. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી. અનુરાગ બાસુની આગામી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’માં સારાનો લીડ રોલ જોવા મળશે.



# અનુરાગની મ્યુઝિકલ લવ સ્ટોરીમાં શર્વરીએ તૃપ્તિને રિપ્લેસ કરી

‘ભૂલભુલૈયા ૩’માં કામ કરી ચૂક્યા હોવાથી ફ્રેશ જોડી દર્શાવવા લેવાયો નિર્ણય

અનુરાગ બાસુ એક રોમેન્ટિક અને મ્યુઝિકલ લવ સ્ટોરી બનાવી રહ્યા હોવાના અહેવાલો છેલ્લાં ઘણા વખતથી આવી રહ્યા છે. ત્યારે હવે આ ફિલ્મ અંગે નવી અપડેટ આવી છે. પહેલાં આ ફિલ્મમાં કાર્તિક આર્યન અને તૃપ્તિ ડિમરી લીડ રોલ કરવાના હતા. હવે નવા અહેવાલો અનુસાર હવે શર્વરીએ તૃપ્તિને રિપ્લેસ કરી છે. લોકો કાર્તિક અને તૃપ્તિને ‘ભૂલભુલૈયા ૩’માં જોઈ ચૂક્યા છે, તેથી અનુરાગ બાસુ અને ફિલ્મના પ્રોડ્યુસર ભુષણ કુમારે લોકોને એક નવી અને તાજગીસભર જોડી બતાવવા માટે આ નિર્ણય લીધો છે.એવી ચર્ચા છે કે આ ‘આશિકી ૩’નું જ એક વર્ઝન છે, પરંતુ મુકેશ ભટ્ટ સાથે ફિલ્મના અધિકારો અંગે વિવાદ થતાં આ ફિલ્મને અલગ મ્યુઝિકલ ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી છે. આ ફિલ્મ માટે યાદગાર ગીતો આપવા માટે જાણીતા પ્રિતમ દ્વારા સંગીત તૈયાર કરવામાં આવી રહ્યું છે, એવા ગીતો કમ્પોઝ કરી રહ્યા છે જે ફિલ્મની ભાવનાત્મક બાજુની તીવ્રતાને પણ અનુરૂપ થઈ શકે. આ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થવાનું હોવાની ચર્ચા છે. ત્યાં સુધી કાર્તિક અને શર્વરી ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચશે અને ફિલ્મ માટે વર્કશોપ કરીને રોલની તૈયારીઓ કરશે. આ બંને કલાકારો ફિલ્મ કરવા માટે ઉત્સુક છે તેમજ દર્શકોને તરોતાજા રોમેન્ટિક ફિલ્મ આપવા તૈયાર છે. આ પહેલાં અનુરાગ બાસુ તેમની ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’નું કામ પૂરું કરશે, જેમાં આદિત્ય રોય કપુર, સારા અલી ખાન અને પંકજ ત્રિપાઠી જેવા કલાકારો કામ કરી રહ્યાં છે.



34 વર્ષીય મહિલાની ધરપકડ કરી

# વડાપ્રધાન મોદીને મારી નાખવાની ધમકી । મુંબઈ પોલીસને ફોન આવ્યો

## હાલ મુંબઈ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે અને આરોપીની શોધ કરવામાં આવી રહી છે અને તમામ પ્રોટોકોલનું પાલન કરવામાં આવી રહ્યું છે

। મુંબઇ, તા.૨૮ ।

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકીનો મામલો સામે આવ્યો છે. આ ધમકી ફોન પર આપવામાં આવી છે. મળતી માહિતી મુજબ, મુંબઈ પોલીસના ટ્રાફિક કંટ્રોલ રૂમમાં ધમકીભર્યો કોલ આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપી છે. ધમકીભર્યા કોલ બાદ પોલીસ એલર્ટ મોડ પર છે અને મામલાની તપાસ કરી રહી છે.પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મુંબઈ પોલીસે વડા પ્રધાન મોદી વિરુદ્ધ ધમકીભર્યા ફોન કરવા બદલ ૩૪ વર્ષીય મહિલાની ધરપકડ કરી છે.અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ફોન કરનારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપી હતી અને કહ્યું હતું કે આખો પ્લાન બની ગયો છે. હાલ મુંબઈ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે અને આરોપીની શોધ કરવામાં આવી રહી છે અને તમામ પ્રોટોકોલનું પાલન કરવામાં આવી રહ્યું છે.પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આરોપીની ઓળખ કરી લેવામાં આવી છે. આ મામલે મુંબઈના અંબોલી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધીને એક મહિલાની ઓળખ કરવામાં આવી છે. પોલીસે કહ્યું છે કે ધરપકડની પ્રક્રિયા ટૂંક સમયમાં પૂરી કરવામાં આવશે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મહિલા માનસિક રીતે અસ્વસ્થ છે. જો કે હાલ આ મામલે તમામ પ્રોટોકોલ મુજબ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.તમને જણાવી દઈએ કે દેશના વડાપ્રધાનની સુરક્ષાની જવાબદારી ફક્ત સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ એટલે કે એસપીજીની છે. વડાપ્રધાનની આસપાસનું પ્રથમ સુરક્ષા વર્તુળ માત્ર એસપીજી જવાનોનું બનેલું છે. સાથે જ તમને એ પણ જણાવી દઈએ કે પીએમની સુરક્ષામાં લાગેલા આ જવાનોને અમેરિકાની સિક્રેટ સર્વિસની ગાઈડલાઈન મુજબ ટ્રેનિંગ આપવામાં આવે છે.

ઈસ્કોન સાથે સંકળાયેલા ચિન્મય દાસની ધરપકડથી વિવાદ

# બાંગ્લાદેશની કોર્ટે ઇસ્કોન ઉપર પ્રતિબંધ મૂકવાનો ઇનકાર કર્યો

## દાસને રાજદ્રોહના આરોપમાં જેલમાં મોકલવામાં આવ્યા બાદ બાંગ્લાદેશના હિન્દુઓ રસ્તા પર ઉતરી આવ્યા છે । કથિત રીતે ઇસ્કોન સાથે સંકળાયેલા લોકો પર હિંસા ભડકાવવાનો અને ચિટાગોંગમાં વકીલ સૈફુલ ઇસ્લામની હત્યામાં સામેલ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો

। ઢાકા, તા.૨૮ ।



બાંગ્લાદેશમાં હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાનો ઈંકાર કરી દીધો છે. કોર્ટે ગુરુવારે ઈસ્કોનની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકતો સુઓ મોટુ આદેશ પસાર કરવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટના વકીલ મોહમ્મદ મોઈનુદ્દીને બુધવારે કોર્ટમાં ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ (ઈસ્કોન) વિશે અલગ અલગ અખબારોના અહેવાલો રજૂ કર્યા હતા. આ અહેવાલોમાં, કથિત રીતે ઈસ્કોન સાથે સંકળાયેલા લોકો પર હિંસા ભડકાવવાનો અને ચિટાગોંગમાં વકીલ સૈફુલ ઈસ્લામની હત્યામાં સામેલ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આના આધારે મૈનુદ્દીને કોર્ટને ઈસ્કોન પર પ્રતિબંધનો સુઓ મોટુ (સ્વૈચ્છિક) આદેશ આપવા વિનંતી કરી હતી. બાંગ્લાદેશી અખબાર ધ ડેઈલી સ્ટાર અનુસાર, અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ઈસ્કોન સાંપ્રદાયિક હિંસા ભડકાવવા, પરંપરાગત હિન્દુ સમુદાયો પર તેની માન્યતાઓ થોપવા અને પછાત હિન્દુ જાતિના સભ્યોની બળજબરીથી ભરતી કરવાના હેતુથી ધાર્મિક કાર્યક્રમોને પ્રોત્સાહન આપી રહી છે. ગુરુવારે કોર્ટમાં આ અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન એટર્ની જનરલની ઓફિસે જસ્ટિસ ફરાહ મહેબૂબ અને દેબાશિષ રોય ચૌધરીની બેંચને કહ્યું કે સરકાર આ અંગે તમામ જરૂરી પગલાં લઈ રહી છે. કોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાનો ઈંકાર કર્યો છે અને સરકારને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.બાંગ્લાદેશમાં હિંદુ સમુદાયના અગ્રણી ધાર્મિક વ્યક્તિ અને ઈસ્કોન મંદિર સાથે સંકળાયેલા ચિન્મય કૃષ્ણ દાસની રાજદ્રોહના આરોપમાં ધરપકડ બાદ તણાવ છે. દાસને જેલમાં મોકલવામાં આવ્યા બાદ ફાટી નીકળેલી હિંસામાં ચિટાગોંગમાં વકીલ સૈફુલ ઈસ્લામનો જીવ ગયો હતો. આ માટે ઘણા લોકોએ ઈસ્કોન પર આંગળી ચીંધી છે. હિંસા બાદ જ કોર્ટમાં ઈસ્કોન પર પ્રતિબંધની અરજી પણ આપવામાં આવી હતી.

### ન્યૂઝ બ્રિફ



## મારી લોકપ્રિયતા પચવામાં ન આવી, સંબંધ તૂટ્યા બાદ અનન્યા પાંડેએ ખુલાસો

। મુંબઇ, તા.૨૮ ।

અનન્યા પાંડે જ્યારથી એક્ટર બની છે ત્યારથી તેના રોમેન્ટિક સંબંધો લોકોની નજરમાં છે. જોકે અનન્યાએ ક્યારેય તેના સંબંધો વિશે ખુલીને વાત કરી નથી, પરંતુ ચાહકો તે કોને ડેટ કરી રહ્યાં છે તેના પર નજર રાખે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, અનન્યાએ વાત કરી કે તે કેવી રીતે તેના સંબંધોમાં પોતાને સંપૂર્ણપણે નિમજ્જન કરવાનું પસંદ કરે છે અને તેણે પોતાને બદલવાનું પણ સ્વીકાર્યું જેથી તે કામ કરી શકે. આ જ વાતચીતમાં તેણે છોકરાઓમાં લીલી ઝંડી જોવાની વાત પણ કરી. અનન્યાએ એ પણ કહ્યું કે છોકરાઓ છોકરીઓની લોકપ્રિયતાને પચાવી શકતા નથી.મારા સંબંધો તૂટવાનું આ પણ એક મોટું કારણ હતું. પોડકાસ્ટ પર રાજ શમાની સાથે વાત કરતાં અનન્યાએ કહ્યું, 'મને નથી લાગતું કે તમે સંબંધમાં તરત જ કોઈ લાલ ઝંડો જોશો. જ્યારે તમે સંબંધમાંથી બહાર નીકળો છો, ત્યારે તમને ખ્યાલ આવે છે કે તે વધુ સારું થઈ શક્યું હોત. જો હું કોઈ સંબંધમાં હોઉં તો હું તેને ઉકેલવા માટે મારાથી બનતું બધું કરીશ. હું લોકોમાં શ્રેષ્ઠ જોઉં છું અને મારું શ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરું છું.

## બોલિવુડની જાણીતી અભિનેત્રી ઐશ્વર્યા રાયના નામમાંથી 'બચ્ચન' અટક ગાયબ હતી

। મુંબઇ, તા.૨૮ ।

બોલિવુડની જાણીતી અભિનેત્રી ઐશ્વર્યા રાયની સુંદરતા અને ગ્લેમરસ પર્સનાલિટી હંમેશા ચર્ચાનો વિષય રહે છે. તેના અને પતિ અભિષેક બચ્ચન વચ્ચે છૂટાછેડાની અફવાઓ છેલ્લા ઘણા સમયથી જોરશોરથી ચાલી રહી છે. દરમિયાન આ દિવસોમાં ઐશ્વર્યાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેને જોયા બાદ ફેન્સમાં ફરી એકવાર છૂટાછેડાને લઈને સવાલો ઉઠવા લાગ્યા છે. શું છે આખો મામલો, ચાલો તમને જણાવીએ.અભિનેત્રી દુબઈમાં આયોજિત ગ્લોબલ વુમન્સ ફોરમમાં ભાગ લેવા આવી હતી, પરંતુ આ ઈવેન્ટમાં કંઈક એવું બન્યું જેણે સોશિયલ મીડિયા પર ચર્ચાનું વાતાવરણ સર્જ્યું. ખરેખર, ઐશ્વર્યા રાયના નામમાંથી 'બચ્ચન' અટક ગાયબ હતી, જે લોકો માટે આશ્ચર્યજનક હતું. હવે સવાલ ઉઠવા લાગ્યો છે કે આવું કેમ થયું? શું આ માત્ર સંયોગ હતો કે તેની પાછળ કોઈ અન્ય કારણ હોઈ શકે?

## જેક્લીન સુકેશના ગેરકાયદેસર સંબંધોથી અજાણ હતી : વકીલ

। મુંબઇ, તા.૨૮ ।

જેકલીન ફર્નાન્ડીઝનું નામ ઘણા સમયથી છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલું છે. 'હાઉસફુલ પ'ની અભિનેત્રીએ હંમેશા સુકેશના નામ સાથે જોડાયેલા તમામ ગેરકાયદેસર કેસ સાથેના તેના સંબંધોને નકારી કાઢ્યા છે. દરમિયાન, અભિનેત્રીના વકીલે દલીલ કરી હતી કે જેકલીન સુકેશના ગેરકાયદેસર સંબંધોથી અજાણ હતી, અને મની લોન્ડરિંગ કેસમાં તેની સામે કાર્યવાહી થવી જોઈએ નહીં.જેકલીન ફર્નાન્ડીઝના વકીલે દલીલ કરી છે કે તેણી પર મની લોન્ડરિંગનો આરોપ લગાવી શકાય નહીં કારણ કે તે પૈસા કમાવવાના હેતુથી કોઈપણ ગુનાનો ભાગ નથી. ફર્નાન્ડિસનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ અગ્રવાલે ` દિલ્હી હાઈકોર્ટ સમક્ષ દલીલ કરી હતી. આ મામલો છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખર વિરુદ્ધ મની લોન્ડરિંગ કેસમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ સાથે સંબંધિત છે.અગ્રવાલે વધુમાં એવી દલીલ કરી હતી કે ફર્નાન્ડિસને એ વાતનો ખ્યાલ નહોતો કે ચંદ્રશેખર પાસેથી તેમને મળેલી ભેટો છેતરપિંડીના પૈસાથી ખરીદવામાં આવી હતી.

વાંધાજનક સામગ્રી મળી આવી

## જમ્મુ ડિવિઝનમાં આતંકવાદી મોડ્યુલ પર કાર્યવાહી, ૫૬ સ્થળોએ દરોડા

### એડીજીપી જમ્મુ આનંદ જૈને કહ્યું કે, ઘણા આતંકવાદીઓની પણ ધરપકડ કરવામાં આવી

। જમ્મુ,તા.૨૮ ।

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી નેટવર્કનો નાશ કરવા માટે પોલીસે જમ્મુ વિભાગના ચાર જિલ્લામાં ૫૬ સ્થળોએ દરોડા પાડ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. પ્રતિબંધિત સંગઠનો જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના સહયોગીઓના ઠેકાણાઓ પરની કાર્યવાહીમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો, દસ્તાવેજો, રોકડ, શસ્ત્રો અને દારૂગોળો સહિતની ગુનાહિત સામગ્રી મળી આવી હતી.એડીજીપી જમ્મુ આનંદ જૈને કહ્યું કે, ઘણા આતંકવાદીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. પ્રદેશમાં શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરતા બાકી રહેલા કોઈપણ તત્વોને નિશાન બનાવવા માટે આગળની કાર્યવાહીનું આયોજન કરવામાં આવ્યું છે. પોલીસે રાજોરી, પુંછ, રિયાસી અને ઉધમપુર જિલ્લામાં ૯, રાજોરીમાં ૯, પુંછમાં ૫, રિયાસીમાં ૧૦ અને ઉધમપુરમાં ૩૨ સ્થળોએ દરોડા પાડ્યા છે.પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે બે દિવસ સુધી ચાલેલા ક્રેકડાઉન દરમિયાન ઓપરેશનને કારણે અનેક ઓજીડબ્લ્યુ અને આતંકવાદી શકમંદોની ધરપકડ કરવામાં આવી હતી. જૈને નાગરિકોને વિનંતી કરી કે તેઓ તેમની આસપાસની કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અથવા વ્યક્તિઓની જાણ કરે અને આતંકવાદ સામેના સામૂહિક પ્રયાસોને મજબૂત કરવામાં સુરક્ષા દળોને મદદ કરે. પોલીસ આતંકવાદી મોડ્યુલને તોડી પાડવા માટે ગુપ્તચર માહિતી આધારિત કામગીરી ચાલુ રાખશે. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી નેટવર્કનો નાશ કરવા માટે પોલીસે જમ્મુ વિભાગના ચાર જિલ્લામાં ૫૬ સ્થળોએ દરોડા પાડ્યા છે.

ભારતીય તપાસ એજન્સીએ

# ઈન્ટરપોલની મદદ દ્વારા લશ્કર-એ-તૈયબાના આતંકવાદીને ભારત દેશમાં લાવવામાં આવ્યો

## એનઆઇએની ટીમ સીબીઆઇ મારફત આતંકવાદીને ભારત લાવી હતી, તમને જણાવી દઈએ કે આતંકવાદી વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી

। નવીદિલ્હી,તા.૨૮ ।



ભારતીય તપાસ એજન્સીઓને મોટી સફળતા મળી છે. વાસ્તવમાં, લશ્કર-એ-તૈયબાના મોટા મોસ્ટ વોન્ટેડ આતંકવાદી સલમાન રહેમાન ખાનને ઈન્ટરપોલ ચેનલો દ્વારા રવાન્ડાથી ભારત લાવવામાં આવ્યો છે. એનઆઈએની ટીમ સીબીઆઈ મારફત આતંકવાદીને ભારત લાવી હતી. તમને જણાવી દઈએ કે આતંકવાદી વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૨૦૨૩માં સલમાન વિરુદ્ધ ગુનાહિત ષડયંત્ર, આતંકવાદી સંગઠનનો સભ્ય હોવા અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવણી માટે આર્મ્સ એક્ટ અને એક્સપ્લોઝિવ સબસ્ટન્સ એક્ટની કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. લશ્કર-એ-તૈયબાનો સભ્ય હોવાને કારણે, તેણે બેંગલુરુ શહેરમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે હથિયારો, દારૂગોળો અને વિસ્ફોટકો પૂરા પાડવામાં મદદ કરી હતી.બેંગલુરુ શહેરના હેબ્બલ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૩માં આ અંગે કેસ નોંધવામાં આવ્યો હતો. એનઆઈએની વિનંતી પર, સીબીઆઈને ૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ઈન્ટરપોલ તરફથી તેમની વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. વોન્ટેડ સલમાન પર નજર રાખવા માટે તમામ દેશોની કાયદા અમલીકરણ એજન્સીઓને આ અંગે જાણ કરવામાં આવી હતી. બાદમાં ઈન્ટરપોલ નેશનલ સેન્ટ્રલ બ્યુરો કિગાલીની મદદથી સલમાન રવાંડામાં હતો.એનઆઈએની ટીમ દ્વારા ૨૮ નવેમ્બર ૨૦૨૪ના રોજ આતંકીને ભારત લાવવામાં આવ્યો હતો. તાજેતરમાં સીબીઆઈ દ્વારા વોન્ટેડ આતંકવાદી બરકત અલી ખાન ઈન્ટરપોલ ચેનલો દ્વારા સાઉદી અરેબિયામાં હતો.

## ઇઝરાયેલે નેતન્યાહુ-ગેલન્ટ સામે જારી કરાયેલ ધરપકડ વોરંટને નકારી કાઢ્યુ

। ગાઝા, તા.૨૮ ।

ઈઝરાયેલે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ સામે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ દ્વારા જારી કરાયેલ ધરપકડ વોરંટને ફગાવી દીધું છે. પીએમ નેતન્યાહુએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ માહિતી પોસ્ટ કરી છે.નેતન્યાહુએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું, 'ઈઝરાયેલ હેગમાં ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટની સત્તા અને વડાપ્રધાન અને પૂર્વ સંરક્ષણ મંત્રી વિરુદ્ધ જારી કરાયેલ ધરપકડ વોરંટની માન્યતાને નકારે છે. જો આઈસીસી અપીલને નકારી કાઢે છે, તો અમેરિકા અને સમગ્ર વિશ્વમાં ઈઝરાયલના મિત્રો સમજી જશે કે આઈસીસી ઈઝરાયલ સામે કેટલું પક્ષપાતી છે.

## મમતા બેનર્જીએ વક્ફ સુધારા બિલને ધર્મનિરપેક્ષતા વિરોધી ગણાવ્યું

। કોલકતા, તા.૨૮ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલ વક્ફ (સુધારા) બિલને ધર્મનિરપેક્ષ વિરોધી ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે આનાથી મુસ્લિમોના અધિકારો છીનવાઈ જશે. વિધાનસભામાં પોતાના નિવેદનમાં મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો હતો કે કેન્દ્ર સરકારે આ મામલે રાજ્યોની સલાહ લીધા વિના આ બિલ રજૂ કર્યું છે, જે સંઘીય માળખાની વિરુદ્ધ છે અને ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.મુખ્યમંત્રીએ કહ્યું, "આ બિલ એક ચોક્કસ વર્ગને બદનામ કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે. તે મુસ્લિમોના ધાર્મિક અને સામાજિક અધિકારો પર પ્રહાર કરશે. કેન્દ્રએ આ અંગે અમારી સાથે સલાહ લીધી નથી. જો કોઈ ધર્મ પર હુમલો થશે તો હું તેનું સંપૂર્ણ સમર્થન કરીશ. "હું તેનો વિરોધ કરીશ અને નિંદા કરીશ."વિરોધ પક્ષોએ પણ આ બિલની આકરી ટીકા કરી છે. તેમનું કહેવું છે કે વકફ એક્ટમાં કરાયેલા સુધારા મુસ્લિમોના ધાર્મિક અધિકારોનું ઉલ્લંઘન કરે છે અને તેને બિનસાંપ્રદાયિકતાની વિરુદ્ધ માનવામાં આવી રહ્યું છે.

સંભલ હિંસા | ૧૨ બોરની પિસ્તોલના ૨૧ શેલ, ૩૨ બોરની પિસ્તોલના ૧૧ શેલ અને ૩૧૫ બોરની પિસ્તોલના ૯ શેલ મળી આવ્યા હતા

# યુપીના તોફાનીઓએ ૪૧ રાઉન્ડ ગોળી ચલાવી હતી

। લખનૌ,તા.૨૮ ।



યુપીના સંભલમાં થયેલી હિંસામાં તોફાનીઓએ ૪૧ રાઉન્ડ ગોળી ચલાવી હતી જયારે યુપી પોલીસની ફોરેન્સિક ટીમે ખાલી કારતુસ કબજે કર્યા છે. આ દરમિયાન ૧૨ બોરની પિસ્તોલના ૨૧ શેલ, ૩૨ બોરની પિસ્તોલના ૧૧ શેલ અને ૩૧૫ બોરની પિસ્તોલના ૯ શેલ મળી આવ્યા હતા. આ સાથે પોલીસે આરોપીઓ પાસેથી પિસ્તોલ પણ મળી આવી છે.

હાલમાં જ પોલીસે આ હિંસા કેસમાં અન્ય આરોપી ફરહતની ધરપકડ કરી હતી. આને મોટી ધરપકડ માનવામાં આવે છે કારણ કે રમખાણો બાદ તેણે એક વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો, જેમાં તેણે હિન્દુઓને મારવાનું કહ્યું હતું. તમને જણાવી દઈએ કે સંભલમાં જામા મસ્જિદના સર્વે દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. આ હિંસામાં ચાર લોકો માર્યા ગયા હતા જ્યારે ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ સહિત ઓછામાં ઓછા ૨૫ લોકો ઘાયલ થયા હતા.

આ પહેલા સમાચાર સામે આવ્યા હતા કે આરોપીઓ પાસેથી સાર્વજનિક સંપત્તિના નુકસાનનું વળતર વસૂલવાની તૈયારી કરવામાં આવી છે. આ પથ્થરબાજો અને બદમાશોના પોસ્ટર જાહેર સ્થળોએ લગાવવામાં આવશે. તેમની પાસેથી નુકસાન પણ વસૂલ કરવામાં આવશે. આ સાથે તેમના પર ઈનામ પણ જારી કરી શકાય છે. પોલીસે જે આરોપીઓનું નામ આપ્યું છે તેમાં એસપી સાંસદ ઝિયા-ઉર-રહેમાન બર્ક, સ્થાનિક ધારાસભ્ય ઈકબાલ મેહમૂદના પુત્ર સોહેલ ઈકબાલ અને ૨,૭૫૦ અજાણ્યા લોકોનો સમાવેશ થાય છે.

હાલમાં જ આ મુદ્દે ભાજપના રાજ્યસભા સાંસદ દિનેશ શર્માએ કહ્યું હતું કે જાણીજોઈને તોફાનો ભડકાવવા, પોલીસના વાહનોને નિશાન બનાવવું, ખુલ્લેઆમ ગોળીબાર કરવો, પથ્થરમારો કરવો જેવી બાબતો ઉત્તર પ્રદેશમાં સ્વીકારવામાં આવશે નહીં. આની પાછળ જે પણ હશે તેને બક્ષવામાં આવશે નહીં. સંભલમાં સ્થિતિ એકદમ શાંતિપૂર્ણ છે.

ઈન્ડિયા બ્લોકના દિગ્ગજ સાક્ષી બન્યા સોરેન | વિધાનસભા ચૂંટણીમાં, સોરેને ૩૯,૭૯૧ મતોના માર્જિનથી ભાજપના ગમલિયાલ હેમરામને હરાવીને બારહેત બેઠક જીતી હતી

# હેમંત સોરેન શપથ સમારોહ: હેમંત સોરેન ચોથી વખત ઝારખંડના મુખ્યમંત્રી બન્યા

। રાંચી,તા.૨૮ ।



ઝારખંડ મુક્તિ મોરચાના કાર્યકારી અધ્યક્ષ હેમંત સોરેને રાંચીના મોરહબાદી મેદાનમાં ઝારખંડના ૧૪મા મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા. હેમંત સોરેન ચોથી વખત રાજ્યના મુખ્યમંત્રી બન્યા છે.વિધાનસભા ચૂંટણીમાં, સોરેને ૩૯,૭૯૧ મતોના માર્જિનથી ભાજપના ગમલિયાલ હેમરામને હરાવીને બારહેત બેઠક જીતી હતી. હેમંત સોરેનના શપથ ગ્રહણ સમારોહમાં તેમના પિતા અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેન અને તેમની માતા રૂપી સોરેન પણ મંચ પર હાજર હતા. આ પ્રસંગે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ,સપા પ્રમુખ અખિલેશ યાદવ,રાજદ નેતા તેજસ્વી યાદવ પણ મંચ પર હાજર હતા. આ ઉપરાંત સીપીઆઈ (એમએલ) લિબરેશનના મહાસચિવ દીપંકર ભટ્ટાચાર્ય, શિવસેના (ઉબાથા)ના નેતા ઉદ્ધવ ઠાકરે,એનસીપી એસપીના વડા શરદ પવાર પણ હાજર રહ્યાં હતાંહેમંત સોરેને ગુરુવારે રાંચીના મોરહાબાદી ગ્રાઉન્ડમાં ઝારખંડના ૧૪મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તેમને એક ભવ્ય સમારોહમાં હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ઝારખંડના રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે સાંજે ૪ વાગ્યે હેમંત સોરેનને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ૪૯ વર્ષીય જેએમએમ નેતા હેમંત સોરેન ચોથી વખત મુખ્યમંત્રી બન્યા છે.હેમંત સોરેને આજે એકલાએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.













# ઝડફિયાના હત્યાના કાવતરાના કેસમાં આરોપી ઇરફાનને ૫ વર્ષની સજા

। અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાતમાં ગજસીટોક કાયદા હેઠળના પહેલા કેસમાં ચુકાદો આવ્યો છે. જેમાં છોટા શકીલના શાર્પશૂટર ઈરફાન શેખને ૫ વર્ષની સજા ફટકારાઈ છે. જ્યારે અન્ય આરોપી સિધેશ ખરાડેને ૫ ુરાવાના અભાવે કોર્ટે નિર્દોષ છોડી મુક્યો છે. વર્ષ ૨૦૨૦માં ભાજપ નેતા અને પૂર્વ ગૃહ મંત્રી ગોરધન ઝડફિયાની હત્યાનું કાવતરુ ઘડવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પોલીસે ૧૯ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ શહેરના રિલીફ રોડ પર આવેલી વિનસ નામની હોટેલમાંથી શાર્પ શૂટરને ઝડપી લીધો હતો. શાર્પ શૂટર ઈરફાન કાલિયા શેખના વોટ્સએપમાંથી ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને વર્ષ ૨૦૨૦માં ગુજરાતના ગૃહમંત્રી રહી ચુકેલા ગોરધન ઝડફિયાના ફોટા મળી આવ્યા હતા. શાર્પ શૂટરને આ મેસેજ નેધરલેન્ડના નંબરથી મળ્યો હતો. શાર્પ શૂટરે કમલમની રેકીનો વીડિયો પણ નેધરલેન્ડના નંબર પર મોકલ્યો હતો.
















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya